# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| નિર્વિચાર અને નિર્વિકાર | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| યોગી બ્રહ્મની મુલાકાત(૮) | અનુ. યોગેશ્વરજી, પોલ બ્રન્ટન | ૧૧ |
| એક અભિનવ પારાયણ(૮) | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૮ |
| ડૉ. બી. જે. જાગાણીની નોંધપોથીની પ્રસાદી | ડૉ. બી. જે. જાગાણી | ૨૪ |
| ભગવત્પ્રાપ્તિના સરળ ઉપાય | રામસુખદાસજી | ૨૬ |
| પ્રાર્થનાઓ | મા સર્વેશ્વરી | ૩૨ |
| પૂ.મા સર્વેશ્વરીનું ભારત આગમન અનો અસ્થિ વિસર્જન | નારાયણ હ. જાની | ૩૪ |
| જન્મદિનની ઉજવણી | ડૉ. મયૂરી ટેલર | ૩૭ |
| Lesson that Pujya Maa Taught me | Ketan Jagnirmal | 45 |
| Any Thing Possible Though faith And Grace Of God | Krupa Bhakta | 49 |
| પ્રકાશના પંથેની પ્રસાદી | યોગેશ્વરજી | ૫૮ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી અભિનંદનીય સહાય

—મા સર્વેશ્વરી

સાધના વિદ્યાભવન સૂરતમાં અભ્યાસ કરતાં નાનકડા સાવિત્રીબેન વિદ્યાર્થીવયના પરિચયે માને વરસો પછી મળે છે. એ વિદ્યાર્થીની પ્રથમ મેળાપે જ સ્વર્ગારોહણની, અધ્યાત્મની સ્વજન બની ગઇ !

તેઓ સ્વર્ગારોહણ પણ આવી ગયાં. સત્સંગની પરબ ઉપર પણ ક્ષણિક વિશ્રામ કરતાં રહ્યાં છે.

આજે એ પરિચયના પવિત્ર તાંતણે પોતાની દીકરી નીલમ બીફાર્મની પદવી પામી તેના આનંદની પ્રસાદી અધ્યાત્મને ધરી રહ્યાં છે.

આ અંક શ્રી સાવિત્રીબેન કિશોરભાઇ પટેલ (જ્યોર્જીયા, યુ.એસ. એ) જનતા જર્નાદનને અર્પણ કરી રહ્યાં છે.

પરિવાર સાથે સુખ શાંતિ પામી પરમમંગલ થાઓ. અભિનંદન આભાર, ધન્યવાદ.



# નિર્વિચાર અને નિર્વિકાર

—યોગેશ્વરજી

સાધકની લયદશા જેમતેમ વધતી કે વિસ્તરતી જાય છે તેમ તેમ એની અંદરથી શાંતિ અને આનંદનો આવિર્ભાવ થતો જાય છે. એ આવિર્ભાવ વખતના વીતવાની સાથે અખંડ બને છે. એ ઉપરાંત, સમાધિદશામાં સહજ બનેલું પરમાત્મદર્શન જાગૃતિમાં પણ થવા માંડે છે. અને પછી તો કોઇકોઇ કૃતકૃત્ય બડભાગી સાધકને પરમાત્માના ચોવીસે કલાકના અનવરત અખંડ અનુસંધાનનો અનુભવ થાય છે. એવી અવસ્થા અતિશય વિરલ હોય છે. પ્રેમમાર્ગના સાધકને માટે પોતાના ઈષ્ટ કે આરાધ્યદેવનું ચોવીસ કલાકનું દર્શન સહજ બને છે. ભગવાન રામકૃષ્ણ પરમહંસદેવની અવસ્થા એવી અલૌકિક હતી. એ જ્યારે ધારે ત્યારે જગદંબાનું દર્શન કરી શકતા ને જગદંબાની સાથે વાતે વળગતા.

લય અથવા સમાધિદશામાં પહોંચનારા સાધકનું મન સત્યસંકલ્પ બની જાય છે. એના સંકલ્પ સાચા અને શક્તિશાળી અથવા અમોઘ હોય છે. એ જે વિચારે છે તે સાચું થાય છે. એની અંદર આશીર્વાદ આપવાની શક્તિ પ્રકટી ઊઠે છે.

★

આપણે ત્યાં વિચારકોનો એક વર્ગ એવો છે જે મનને નિર્વિચાર કરવા તરફ વધારે ધ્યાન આપવાનો સંદેશ આપે છે. એ સંદેશ ગીતા તથા પાતંજલ યોગદર્શન જેટલો પુરાતન છે. ગીતામાં **न किंचिदपि चिंतयेत** ‘કાંઇ પણ ચિંતન ન કરવું’ એવું કહીને નિર્વિચાર દશા તરફ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે,

અને યોગ દર્શનમાં પણ એનો મહિમા કહી બતાવવામાં આવ્યો છે. પરંતુ ગીતા તથા યોગદર્શન બંનેમાં નિર્વિચાર દશાનો મહિમા કેવળ એ દશા પૂરતો જ નથી ગાવામાં આવ્યો. નિર્વિચાર દશા ગમે તેટલી સારી હોવા છતાં એક સાધન છે તે સાધ્ય નથી, એવું સૂચવવામાં આવ્યું છે. એ દશાનો લાભ લઈને એનાથી આગળ વધવાનું છે. એને માટે યોગદર્શનમાં મહર્ષિ પતંજલિ સ્પષ્ટ રીતે જણાવે છે કે નિર્વિચાર દશામાં નિષ્ણાત બનેલો અથવા સિદ્ધહસ્ત થયેલો યોગી આત્માનુભૂતિ દ્વારા અધ્યાત્મપ્રસાદની પ્રાપ્તિ કરે છે. **निर्विचारवैशारद्यैर-ध्यात्मप्रसादः ।** આત્મસાક્ષાત્કાર જેવો અદ્‌ભુત આત્મપ્રસાદ બીજો કયો છે? એની અંદર જ જીવનને કૃતાર્થ કરવાની શક્તિ છે.

એનો અર્થ એવો થયો કે નિર્વિચાર દશાને જ સાધનાત્મક જીવનનું સાર સર્વસ્વ સમજીને એમાં જ કેદ થઈને બેસી નથી રહેવાનું. વિચારોની દશાથી ઉપર ઊઠીને વિચારરહિત દશામાં પહોંચવાનું છે એ સાચું છે, પરંતુ એથી પણ ઉપર ઊઠીને, મનની પરિધિને પરિત્યાગીને, આત્માના અલૌકિક પાવન પ્રદેશમાં સ્થિતિ કરવાની છે. નિર્વિચાર દશા ત્યારે જ સાર્થક થઈ શકે.

★

જાગૃતિદશામાં સદા માટે વિચારરહિત રહેવાનું કામ કપરું છે. સ્વલ્પ સમય સુધી વિચારરહિત રહેવાય છે ખરું, પરંતુ પછીથી ભાતભાતના વિચારો મનને ઘેરી વળે છે. એટલે શરૂઆતના સાધન તરીકે મનને અશુભ અથવા પ્રતિકૂળ અવરોધક વિચારોથી મુક્ત કરીને શુભ અને સાનુકૂળ વિચારોથી



અલંકૃત કરવાનું કહેવામાં આવ્યું છે. तन्मे मनः शिवसंकल्पमस्तु। શુભ વિશુદ્ધ વિચારોથી વીંટળાયેલા મનને વિચારરહિત થતાં વાર નથી લાગતી.

જાગૃતિદશા દરમિયાન વિચારરહિત બનીને બેસી રહેવા કરતાં વિકારરહિત બનવાનું વધારે સારું તથા શ્રેયસ્કર છે. વિકારરહિત દશા સાધકને માટે અત્યંત ઉપયોગી અને આશીર્વાદરૂપ છે. સાધકે નિર્વિચાર દશાની પ્રાપ્તિ કરવાની ચિંતા કરવાની સાથે નિર્વિકાર અવસ્થાની અનુભૂતિ કરવાનું અને એવી અનુભૂતિને સહજ બનાવવાનું ધ્યાન રાખવું જોઈએ.

મનમાં વિચાર પેદા જ ન થાય તો વિકારને પ્રગટવાનો સંભવ ઓછો રહે છે. નથી રહેતો એવું કહીએ તો ચાલે. કારણકે પ્રત્યેક વિકાર નાના મોટા વિચારનું જ અનુસરણ કરતો હોય છે. એની સાથેસાથે એ પણ યાદ રાખવાનું છે કે વિકાર જ ન હોય તો વિચારને ઊઠવાની સંભાવના ઓછી રહે છે. વિચાર એક પ્રકારનો સૂક્ષ્મ વિકાર જ છે. તોપણ સામાન્ય રીતે જીવનધારી માનવે ધ્યાનવસ્થા પહેલાં ને ધ્યાનાવસ્થા પછી પણ બનતા પ્રમાણમાં વધારે ને વધારે વિકારરહિત બનવાનું ધ્યાન રાખવું જોઈએ.

આત્મવિકાસના સાધકને માટે નિર્વિચાર દશા અને નિર્વિકાર દશા એક જ સિક્કાનાં બે પાસાં જેવી, પંખીની બે પાંખસરખી અને શરીરની બંને આંખ જેવી છે. એ બંનેમાંથી એકેની ઉપેક્ષા કરવાનું ઉચિત નથી. બંનેનો સુભગ સમન્વય સાધકની સાધનામાં આવશ્યક અને આશીર્વાદરૂપ છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૭ ડિસેમ્બર–૨૦૧૨ અંક ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–સુભાષ બંગલો, સરદારનગર, ભાવનગર**

**તા.૨૦/૦૫/૮૨ રવિવાર**

સવારે પૂ.શ્રી લેખનકાર્યમાંથી નિવૃત થયા પછી ઊભા થયા. સર્વેશ્વરી પોતાના ઓરડામાં જપ અને નામસ્મરણ પુસ્તક વાંચતા હતાં ત્યાં પૂ.શ્રી આવીને ઊભા.

એક હાથ આશીર્વાદ સૂચક ઊંચો કર્યો. બીજા હાથમાં માળા.

**પૂ.શ્રીઃ–**દર્શન આપવા આવ્યો છું; માંગો.

**સર્વેશ્વરીઃ–**પ્રેમ.

**પૂ.શ્રીઃ–**તથાસ્તુ.

**સર્વેશ્વરીઃ–**સનાતન સાથ.

**પૂ.શ્રીઃ–**તથાસ્તુ.

**સર્વેશ્વરીઃ–**દિવ્યદર્શન.

**પૂ.શ્રીઃ–**આ દર્શન જ તો આપવા આવ્યો છું.



પૂ.શ્રી ખૂબ પ્રસન્નવદને ઊભા છે. સર્વેશ્વરી પણ હસતાં હસતાં પૂ.શ્રી પાસે માંગી લે છે.

સમય થઇ ગયો. ૧૧।। વાગ્યા. ભોજન માટે પૂ.શ્રી બહાર મેદાનમાં આવ્યા. ઝાડ નીચે આસન પર બેઠા. ભોજન માટે સામે સર્વેશ્વરી પણ બેઠાં. એક તરફ શ્રી નારાયણભાઇ જાની, અધ્યાત્મ માસિકના તંત્રી બેઠા. પૂ.શ્રીએ થોડી વાર ત્યાર બાદ એકાએક કહેવા માંડ્યું.

તમારા પરિવારમાં બે જીવાત્મા હજી સુક્ષ્મયોનિમાં ફર્યા જ કરે છે, એક બેન છે, એક ભાઇ છે. બેન છીંકણીની ટેવવાળાં ને છૂટો પાલવ સાડલાનો રાખે તેવાં છે, તે બેન પહેલાં હેરાન કરતાં, હવે નથી કરતાં. ભાઈ સરળ છે. તે મીઠા મમત્વથી દુઃખી કર્યા કરે છે.

સર્વેશ્વરી પૂ.શ્રીની વાત સાંભળી રહ્યાં છે તરત જ શ્રી નારાયણભાઇએ જવાબ આપ્યો હા. તે બેનને છીંકણીની ટેવ હતી. તે તો ઘણીવાર સુક્ષ્મરૂપે દેખાય છે. ભાઇની મુક્તિ માટે અમે કંઇ કરી શકીએ?

**પૂ.શ્રીઃ–**ભાઇ પાછળ ગયા તીર્થમાં જઇને શ્રાદ્ધ કરાવ્યું, પણ તે સારી રીતે નથી થયું.

**શ્રી નારાયણભાઇઃ–**તે ભાઇના સગા ગયાતીર્થ તો ગયેલાં ને શ્રાદ્ધ કરેલું તે વાત સાચી, પણ હવે તેની શાંતિ માટે અમે કંઇ કરી શકીએ?

**પૂ.શ્રીઃ–**તે માટે હજી મેં વિચાર્યું નથી. શાંતિથી વિચારીશું.

પૂ.શ્રીએ આ વાત ખૂબ સહજ રીતે કરી અને એ વાતમાં કેટલું સત્ય હતું તે પણ તરત જ જાણવા મળ્યું. કેવી દિવ્ય શક્તિ

છે? પૂ.શ્રી પરિવારના મૃત્યુ પામેલા સભ્યોને તેની ટેવ સાથે, વળી તેની વિધિ કયાં થયેલી, તેનો પણ સહજ રીતે ચિતાર આપે છે. અતિઉગ્ર તપશ્ચર્યાને અંતે મળતી શક્તિ કેવી હોય છે?

થોડા દિવસ ઉપર શ્રી નારાયણભાઈની એક દીકરી અકસ્માતમાં મૃત્યુ પામેલી, તે કયા વારે ઉપવાસ કરતી તે વાત પણ પૂ.શ્રી કહી બતાવી. ને શ્રી નારાયણભાઈએ તે વાત સાચી છે. એ પ્રતિપાદિત થયું. ત્યારે આ મહાપુરુષની શક્તિ માટે વંદન કરવાનું સહજ મન થાય છે.

આજે મુલાકાતમાં રામાયણ સંભળાવ્યું. પ્રશ્નો થોડા પૂછાયા.

**પ્રશ્નઃ—**અધ્યાત્મમાર્ગે ગુરુ શિષ્યને પસંદ કરે કે શિષ્ય ગુરુને પસંદ કરે?

**પૂ.શ્રીઃ—**સૌ પ્રથમ તો શિષ્ય જ પોતે ગુરુને પસંદ કરે ને. પછી બન્ને એકમેકને મંજુર રાખે. કદાચ ગુરુ મંજૂર ન રાખે તો પણ શિષ્યની શ્રદ્ધાથી એકલવ્યની જેમ બેડો પાર થાય. પણ શિષ્ય પસંદ ન કરે કોઇ ગુરુને તો ગુરુનું કામ થાય નહીં.

**પ્રશ્નઃ—**વાંચ્યું છે કે કોઇ સંત માંસમચ્છી ખાતા તો તે વાત યોગ્ય છે?

**પૂ.શ્રીઃ—**તેમની વાત જવા દઇએ, કોઇ પણ માંસમચ્છી ખાય તે યોગ્ય નથી અને તેમાં પણ સંતો તો ન જ ખાય. રામકૃષ્ણ દેવ બ્રાહ્મણ હતા. દક્ષિણેશ્વરમાં પહેલાં દેવીને ભાત ને માછલાં અર્પણ થતાં. તેઓએ તે બંધ કરાવેલાં.

બીજા પ્રશ્નોની ચર્ચા ગઇકાલે આવી ગઇ હતી. મુલાકાત પૂરી થઇ. પૂ.શ્રીએ આરામ કર્યો.

આજે પૂ.શ્રીએ સાંજે આઇસ્ક્રીમ લીધું. સાંજે પ્રવચનમાં જતાં



પહેલાં ભાવનગરના ગાંધીસ્મૃતિના ખાદીભંડારમાં પૂ.શ્રીએ જાતે જઇને ખાદીના ધોતીયાં, ઓઢવાની ચાદર વગેરે ખરીદ્યું. શ્રી બકુભાઇ શેઠ (જાણીતા સેવાભાવી મિલમાલિક) પણ સાથે હતાં. તેમણે પૂ.શ્રીની ખાદીની ખરીદીના પૈસા પોતે ચુકવવાની વિનંતી કરી એ સેવા તેમને મળે એવી ભાવના વ્યક્ત કરી પૂ.શ્રીએ ના પાડી, સર્વેશ્વરીએ તરત જ પૈસા ચૂકવી દીધા.

આજે સર્વેશ્વરીએ બીજો વાર્તાલાપ આપ્યો, પૂ.શ્રીએ પ્રવચન આપ્યું. ઉતારા ઉપર આવી આરામ.

(ક્રમશઃ)

## સુધારો

અધ્યાત્મના નવેમ્બર ૨૦૧૨ના અંકમાં પાના ૧૨ અને ૧૩ ઉપર નોંધની જે તારીખો છપાઇ છે તેમાં તા. ૨૨—૧૨ અને ૨૩—૧૨ના સ્થાને ૨૨—૧૧ અને ૨૩—૧૧ વાંચવું. જે વાંચકોએ અમારું ધ્યાન દોર્યું, તેમનો આભાર. ક્ષતિ ક્ષમા કરવા વિનંતિ.

—તંત્રી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

# યોગી બ્રહ્મની મુલાકાત(૮)

**અનુ : યોગેશ્વરજી, —પોલ બ્રન્ટન**

'તમે સમજાવવાની કોશિશ નહીં કરો?' મેં અરજ કરી.

'તમે મારા શબ્દો સાંભળીને હસવા માંડશો.'

મેં ખાતરી આપી કે તેમના સ્પષ્ટીકરણનો હું આદરપૂર્વક સ્વીકાર કરીશ.

'ઠીક ત્યારે સાંભળો. માનવના મગજમાં એક નાનું છિદ્ર છે. એ છિદ્ર અથવા કાણામાં આત્માનો નિવાસ છે. એ કાણાને એક ઢાંકણાનું રક્ષણ છે. મેં તમને વારંવાર કહ્યું છે તેમ કરોડરજ્જુની નીચે અદૃષ્ટ જીવનપ્રવાહનું અસ્તિત્વ છે. એ ચૈતન્યશક્તિ કે જીવનપ્રવાહનો નિરંતર વ્યય થવાથી શરીર ઘરડું કે જીર્ણ થાય છે, પરંતુ એના સંચયથી શરીરમાં નવજીવન પેદા થાય છે અને એને યુવાન રાખે છે. પોતાની જાતને જીતી ચૂકેલો માણસ, અમારી યોગપદ્ધતિમાં આગળ વધેલા યોગીઓને જ માત્ર જ્ઞાત હોય છે, એવી કેટલીક ક્રિયાઓથી એના પર કાબૂ મેળવવાનો આરંભ કરી શકે છે. એ જીવનપ્રવાહ કે કુંડલિની શક્તિને ઊર્ધ્વગામી કરીને એ કરોડરજ્જુમાં ઉપર લઈ જાય છે. તે પછી મગજમાં આવેલા એ છિદ્રમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કરે છે. છતાં પણ એની આગળના પડદાને હઠાવી દેવામાં મદદરૂપ થનાર ગુરુ ન મળે ત્યાં સુધી એને સંપૂર્ણ સફળતા નથી મળતી. જો એવા ગુરુ એને મળી જાય તો એ અદશ્ય શક્તિપ્રવાહ એ છિદ્રમાં પ્રવેશીને દીર્ઘ જીવનરૂપી અમૃતમાં પલટાઈ જાય છે. એ કામ સહેલું નથી અને એકલે હાથે કરનાર સાધકનો નાશ નોતરનારું નીવડે છે. પરંતુ એમાં સફળ થનાર



સાધક પોતાની ઈચ્છા પ્રમાણે ગમે ત્યારે મરણને મળતી દશા મેળવી શકે છે અને એથી ખરેખર મૃત્યુ આવે ત્યારે એમાંથી વિજયી થઈને બહાર આવે છે. સાચું કહીએ તો મૃત્યુની નજીકની પળની પસંદગી એ ગમે ત્યારે કરી શકે છે અને કડક કસોટીને અંતે પણ એ કુદરતી રીતે મૃત્યુ પામ્યો હોય એવું લાગી આવે છે. એ ત્રણે માર્ગ કે સાધનને સિદ્ધહસ્ત કરી ચૂકેલો માનવ સૈકાઓ સુધી જીવી શકે છે. મને એવું શિક્ષણ મળેલું છે. એના મૃત્યુ પછી એના શરીરમાં જંતુ પડતાં નથી. સો વરસ પછી પણ એના શરીરમાં સડો પેદા થતો નથી.'

બ્રહ્મે કરેલા ખુલાસા માટે મેં એમનો આભાર માન્યો, છતાં મને એથી નવાઈ તો લાગી જ. મને એમાં પુષ્કળ રસ પડ્યો, પણ એની ખાતરી ના થઈ. શરીર શાસ્ત્રને એમના કહેવા પ્રમાણેના જીવનપ્રવાહની ખબર નથી અને એવા કોઈ અમૃતથી પણ એ અજાણ છે. શરીરશાસ્ત્ર સાથે સંબંધ ધરાવતા ચમત્કારોની એ બધી કથાઓ કેવળ ગેરસમજ કે ભ્રાંતિ છે? એ કથાઓ માણસને દંતકથાઓથી ભરેલા, લાંબું જીવનારા જાદુગરો કે દીર્ઘાયુ તાંત્રિકોના જૂના જમાનામાં લઈ જાય છે, છતાં શ્વાસ તથા લોહીના કાબૂના બ્રહ્મે કરી બતાવેલા પ્રયોગ પરથી તો એટલું પુરવાર થાય છે જ કે યોગની શક્તિઓ કેવળ મનના તરંગરૂપ નથી અને જેમને એમનો પરિચય ન હોય અથવા યોગની સાધના સાથે લેવાદેવા ન હોય એવાને બનાવટી લાગે તેવા પ્રયોગો કરી બતાવવાની નિઃશંક શક્તિ ધરાવે છે. એ મુદ્દા સિવાયની બીજી વાતો સાથે સંમત થવું એ કામ મારે માટે મુશ્કેલ છે.

મારા માનસિક તર્કવિતર્કનું તોફાન મારા મુખ પર પ્રકટ થયા સિવાય હું એમનું માન જાળવતો શાંત રહ્યો.

'કબરની નજીક બેઠેલા માણસોને એવી શક્તિઓ

મેળવવાની ઈચ્છા વધારે થશે.'

બ્રહ્મે કહેવા માંડ્યું : 'પરંતુ એમને મેળવવાનો માર્ગ જ ભયાનક છે એ ના ભૂલતા. અમારા ગુરુઓએ એ પ્રક્રિયાઓ વિશે કહ્યું છે કે હીરાની પેટીની પેઠે એમને ગુપ્ત રાખજો.'

'એટલે તમે મારી આગળ તે પ્રકટ નહીં કરો, એમ?'

'જે સિદ્ધ બનવા માગતા હોય તેમણે દોડવાનો પ્રયત્ન કરતાં પહેલાં ચાલતાં શીખવું જોઈએ.' એમણે આછા સ્મિત સાથે ઉત્તર આપ્યો.

'એક છેલ્લો પ્રશ્ન પૂછું?'

યોગી બ્રહ્મે હકારમાં માથું હલાવ્યું.

'તમારા ગુરુ અત્યારે ક્યાં છે?'

'તેરાઈ જંગલની પેલી તરફના નેપાળના પર્વતોમાં આવેલા એક મંદિરમાં એમણે પ્રવેશ કર્યો છે.'

'એ મેદાની પ્રદેશમાં ફરી આવશે ખરા?'

'એમની ગતિવિધિ વિશે પહેલેથી કોણ કહી શકે? નેપાળમાં એ ઘણાં વરસો સુધી રહે પણ ખરા કે ફરી વાર સફર પણ શરુ કરે. નેપાળમાં એમને વધારે ગમે છે, કેમ કે અમારી યોગસાધનાનો વિકાસ ભારત કરતાં ત્યાં વધારે પ્રમાણમાં થાય છે. હઠયોગનું શિક્ષણ પણ જુદા—જુદા સંપ્રદાયોમાં જૂદું પડે છે. અમે તંત્રમાર્ગમાં માનીએ છીએ અને એ માર્ગને અહીં કરતાં નેપાળના વાતાવરણમાં વધારે સારી રીતે સમજવામાં આવે છે.'

એટલું કહી બ્રહ્મે શાંતિ રાખી. મેં અનુમાન કર્યું કે પોતાના ગુરુના કોયડારૂપ વ્યક્તિત્વનો એ ભક્તિપૂર્વક વિચાર કરી રહ્યા છે. આજે રાતે મેં સાંભળેલી આ વાતોમાં જો દંતકથા કાંઈક વધારે વાસ્તવિકતા હોય તો તે ખરેખર બીજી બાજુએ જે ઉંમરની ઉપરવટ થઈ ચૂકેલા અમર માનવોની સૃષ્ટિ છે તેની ઝાંખી સહેલાઈથી કરી શકાય છે.



★ ★ ★

મારી કલમ જો ઝડપથી નહીં ચલાવું તો આ પ્રકરણ કદી પૂરું નહી કરી શકું. એટલા માટે યોગી બ્રહ્મ સાથેના મારા સંપર્કના છેલ્લા યાદગાર પ્રસંગનું વર્ણન કરવાનો પ્રયાસ કરી લઉં.

ભારતમાં સાંજ પછી રાત જલદી આવે છે. યુરોપની પેઠે ત્યાં સૂર્યાસ્ત પછી બહુ વિલંબ થતો નથી. બગીચાની મઢૂલી પર અંધકારનો પડદો પડતાં બ્રહ્મે ફાનસ સળગાવ્યું અને છાપરા સાથે લટકાવ્યું. અમે ફરી બેસી ગયા.

પેલી વૃદ્ધા સ્ત્રી સમજપૂર્વક ચાલી થઈ, એથી અમારા શબ્દોનો અનુવાદ કરનાર શિક્ષક તથા યોગી સાથે હું એકલો પડ્યો. અગરબત્તીની સુવાસ આખા ઓરડાને એક પ્રકારના ગહન ધાર્મિક ભાવથી ભરી દેતી હતી.

એ સાંજે વિખૂટા પડવાના ખેદજનક વિચારો મને ઘેરી વળ્યા. એ વિચારો કાઢી નાખવાના નિષ્ફળ પ્રયાસો મેં કર્યાં. મારા અંતરમાં જે હતું તે મારા ત્રીજા માણસ દ્વારા કહેવાનું હોવાથી સ્પષ્ટ રીતે નહોતો કહી શકતો. એમણે કહેલાં અવનવાં સત્યો અને એમના વિચિત્ર સિદ્ધાંતો કેટલે અંશે સત્ય છે તે હું ભાગ્યે જ કહી શકું તેમ હતો, પરંતુ પોતાના એકાંતિક જીવનમાં મને પ્રવેશ કરાવવાની તેમણે તૈયારી બતાવી તે વાતની કદર કર્યા વિના હું ના રહી શક્યો. અવારનવાર મને લાગ્યું છે કે અમારાં હૃદય સહાનુભૂતિપૂર્વક એકમેકની પાસે ને પાસે આવી પહોંચ્યાં છે અને એમની સ્વાભાવિક એકાંતિકતાના ભંગનો શો અર્થ થાય છે તે મને હવે સમજાયું છે.

આજે રાતે મારા નજીકના પ્રસ્થાનના બહાના નીચે એમનાં ઊંડાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવા એમને ઉત્તેજિત કરવાનો એક આખરી પ્રયાસ મેં કરી જોયો.

'શહેરી જીવનનો ત્યાગ કરીને પર્વતો કે જંગલોમાં થોડાંક વરસો સુધી નિવૃત્ત થવા તમે તૈયાર છો?' એમણે મારી તપાસ કરતાં પૂછ્યું.

'બ્રહ્મ, મારે પહેલાં એનો વિચાર કરવો પડશે.'

'તમારી બધી પ્રવૃત્તિ, બધી ક્રિયાઓ, બધી સુખસાહ્યબીનો ત્યાગ કરીને તમારો સમગ્ર સમય યોગસાધનાની અમારી પદ્ધતિ પાછળ વ્યતીત કરવા તૈયાર છો? અને એ પણ થોડાક મહિનાઓ માટે નહીં પરંતુ કેટલાંક વરસો સુધી?'

'મને એવું નથી લાગતું. ના, એને માટે મારી તૈયારી જરા પણ નથી.'

'તો પછી તમને હું વધારે આગળ નહીં લઇ જઇ શકું. હઠયોગની આ સાધના માણસના ફાલતુ વખતની ફક્ત રમતગમત બનવા જેટલી સાધારણ નથી. એ એના કરતાં વધારે ગંભીર છે.'

યોગી બનવાની મારી તકોને મેં સરી જતી ને નહીંવત્ બનતી જોઇ. મને ખેદજનક ખાતરી થઇ ગઇ કે વરસોની કઠોર સાધના તથા કડક અને ઉચ્ચ શિસ્તવાળી એ યોગપદ્ધતિ મારે માટે નથી. છતાં શરીરની અલૌકિક સિદ્ધિઓ કરતાં મારા અંતરને બીજું કશુંક વધારે સ્પર્શ કરતું હતું. મને યોગીમાં વિશ્વાસ હતો.

'બ્રહ્મ, આ શક્તિઓ ખરેખર મંત્રમુગ્ધ કરી દે તેવી છે. એકએક દિવસ તમારી સાધનાના ઊંડાણમાં ઊતરવાનું મને



ગમશે. છતાં એની મદદથી મને સનાતન સુખ કેટલા પ્રમાણમાં મળી શકે? યોગની અંદર એના કરતાં પણ કોઇ વધારે સારી વસ્તુ નથી? હું જે કહેવા માગું છું તે સાફ તો છે ને?'

'હું સમજી શકું છું.'

બ્રહ્મે માથું હલાવીને કહ્યું.

અમે બંને હસવા માંડ્યા.

'અમારાં શાસ્ત્રો સૂચવે છે કે વિવેકી સાધકે હઠયોગના અભ્યાસની પૂર્ણાહુતિ પછી રાજયોગના અભ્યાસનો આધાર લેવો.' એમણે ધીમે સ્વરે કહેવા માંડ્યું : 'પહેલા અભ્યાસથી બીજી જાતના અભ્યાસનો માર્ગ મોકળો થાય છે એમ કહી શકાય. ભગવાન શંકર પાસેથી અમારા પ્રાચીન મહાપુરુષોએ એ યોગસિદ્ધાંતો પ્રાપ્ત કર્યા ત્યારે તેમને કહેવામાં આવેલું કે એમનું અંતિમ ધ્યેય ભૌતિક સુખની પ્રાપ્તિનું નથી. એ બધા સમજતા હતા કે શરીરનો જય મનના વિજયનું પ્રારંભિક પગથિયું છે અને મનનો વિજય આત્મિક પરિપૂર્ણતાનું સાધન— માત્ર છે. એટલે અમારી સાધના આમ તો શરીર સાથે જ સંબંધ રાખીને આગળ વધે છે, પરંતુ શરીરમાં કેદ બની બેસી રહેવાને બદલે આત્મા સુધી પહોંચી જાય છે. મારા ગુરુદેવે મને તેથી જ કહ્યું છે કે પહેલાં હઠયોગનો અભ્યાસ કર, પછી રાજયોગમાં પ્રવેશ કરી શકીશ. શરીર પર કાબૂ મેળવ્યા પછી તે મનના માર્ગમાં અંતરાયરૂપ નથી થતું. વિચારોનો નિરોધ કરવાના કામમાં સીધી રીતે કોઇક વિરલ જ સફળ થઇ શકતા હોય છે. છતાં રાજયોગ અથવા મનોનિગ્રહના માર્ગમાં કોઇને સીધા જ જવું હોય તોપણ એમને તેની હરકત નથી. અમે એની વચ્ચે આવવા નથી માગતા. એને માટે એ માર્ગ જ બરાબર છે.'

'અને એ યોગ એકલો માનસિક છે?'

'જરૂર. એ સાધનાની મદદથી મનને સ્થિર પ્રકાશમાં પલટાવી એ પ્રકાશને આત્માના આવાસ તરફ ફેરવવાનો હોય છે.'

'એવી સાધનાની શરૂઆત કેવી રીતે કરી શકાય?'

'એને માટે ગુરુની પ્રાપ્તિ કરવી જોઈએ.'

'ક્યાં?'

બ્રહ્મે મસ્તક હલાવ્યું.

'ભાઈ, જે લોકોને ભૂખ લાગે છે તે ભોજનની શોધ કરે જ છે. જે ભૂખે મરતા હોય છે તે ગાંડા માણસની પેઠે શોધે છે. ભૂખ્યા માણસ ભોજનની ઈચ્છા કરે તેવી રીતે જ્યારે તમારામાં ગુરુની ચાહના પેદા થશે ત્યારે ગુરુ તમને જરૂર મળશે. જે ગુરુને પ્રમાણિકપણે શોધે છે તેમને ગુરુ નક્કી કરેલા વખતે જરૂર મળે છે.'

'તમે એવું માનો છો કે એમાં પ્રારબ્ધ કામ કરતું હોય છે?'

'સાચી વાત છે.'

'મેં કેટલાંક પુસ્તકો વાંચ્યાં છે.'

યોગીએ માથું ધુણાવ્યું.

'ગુરુની મદદ વિના પુસ્તકો કાગળના ટુકડા જેવાં નિર્જીવ થઈ પડે છે. ગુરુનો અર્થ 'અંધકારને દૂર કરનારા' એવો થાય છે. જેના પ્રયત્નો અને જેનું પ્રારબ્ધ સદ્‌ગુરુને મેળવી આપવા જેટલું મદદરૂપ થાય છે તે પ્રકાશને પંથે ઝડપથી આગળ વધી શકે છે, કારણકે શિષ્યને લાભ પહોંચાડવામાં ગુરુ પોતાની વિશેષ શક્તિઓનો ઉપયોગ કરે છે.'

(સંપૂર્ણ)



# પ્રકરણ : ૭૨ એક અભિનવ પારાયણ (૮)

**–જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

રમણ મહર્ષિ ને જ્ઞાનેશ્વરનું દર્શન ઈશ્વર પોતે સાધકોને ઉત્સાહ આપવાને, મદદ કરવા આવા અનુભવો પોતાની ઈચ્છાથી આપે છે, તેમાં મુખ્ય કારણ મહાપુરુષોની સવિશેષ શક્તિનું નથી હોતું, પણ ઈશ્વરની શક્તિનું છે.

સંત જ્ઞાનેશ્વરે ૧૯૪૧ ની સાલમાં પૂ.પ્રભુને દર્શન આપ્યું.

## પ્રકરણ : ૭૩ સંતોનો મેળાપ

**પૂ.શ્રીઃ–**જીવનની ઉન્નતિ માટે જીભ અને ઉપસ્થ બંન્નેનો સંયમ શ્રમસાધ્ય છે, પણ તેનું પાલન કરવું જોઈએ.

**પૂ.શ્રીમાઃ–**ઉત્તરકાશીમાં પૂ.શ્રી અમને બધાંને વિશ્વનાથ મંદિરમાં લઈ ગયા ને ત્યાં પોતે કયા દરવાજાથી આવતા ને નાગાજીને મળતા તે પણ બતાવ્યું. રસ્તાથી ડાબી બાજુ મંદિર છે ને અંદર પ્રવેશતાં નાની ઝાંપલી જેવું છે. મંદિરની બાજુમાં જમણી બાજુના ખૂણામાં નાગાજીનું સ્થાન હતું ત્યાં ચિપીયો ને અગ્નિસ્થાન ત્રિશૂળ સાથે હતું, ત્યાં નાગાજી બેસતા. એવું પૂ.શ્રીએ કહ્યું, હવે વાતો ના કરતા. આપણી સાથે કેટલાક સિદ્ધ પુરુષો ચાલી રહ્યા છે. તેમાંનાં કેટલાક વસ્ત્ર વિનાના અવધૂત સ્ત્રી સંતો પણ છે, માટે શાંતિ રાખીને ચાલો. અમે ૭–૮ ભક્તો પૂ.શ્રીની સાથે હતા. કલ્યાણજી જ્યોત્સ્નાબ્હેન, જીતુભાઈ, કુંદનબહેન, સુશીલાબ્હેન, મોહનભાઈ, તાપસભાઈ, લાલજીભાઈ. આ બધા જ સ્થળોનાં દર્શન પૂ.શ્રીએ પગે ચાલીને બતાવ્યાં. ગંગોત્રીમાં પણ કૃષ્ણાશ્રમ ક્યાં બેસતા તે પણ બતાવ્યું. મહાપુરુષો સાથે યાત્રા કરવાનો આ મોટો લાભ છે. આપણે તો સામાન્ય રીતે બે પાંચ સેકંડ શ્વાસ રોકી શકીએ. સોમનાથ ગયા

હોઈએ ને માછલીની ગંધ આવે તો પણ એક બે સેકંડમાં જ જીવ નીકળી જાય જ્યારે આ મોતીલાલ ૧ કલાક સુધી શ્વાસ રોકી શકતા કુંભક કરી શકતા. કેવા કેવા સંતો પૂ.શ્રીને મળ્યા ! તે તે બધા સંતોની પ્રસાદી પૂ.શ્રી આપણને પીરસી રહ્યા છે. આપણે તો ઉપવાસ, તપ, ઉજાગરા, મથામણ કરવાનાં નથી. તૈયાર ભોજનનો થાળ. બધા વિશેષ મહાપુરુષો પૂ.શ્રીને મળ્યા. પૂ.શ્રીએ એમને આંખથી માણ્યા, મનથી માણ્યા તો વિચાર કરો કે પૂ.શ્રીના નેત્રોમાં કેટલા બધા સાચા સંતોના દર્શનની શક્તિ. ભરી છે એ બધા જ સંતોની વિશેષતા પૂ.શ્રીના નેત્રોમાં છે. જ્યાં જ્યાં પૂ.શ્રીએ યાત્રા કરી, તે તે યાત્રા સ્થળની પવિત્ર રજ પૂ.શ્રીના ચરણમાં છે. તો એ ચરણ આપણા માટે સર્વતીર્થ આપે છે. એ રીતે પૂ.શ્રીના દેહમાં સર્વ દેવો નિવાસ કરે છે. ચરણોમાં તીર્થ, દેહમાં દેવો, નેત્રોમાં વિવિધ દર્શનનો મંગલ મેળાપ. એ રીતે પૂ.શ્રી એક વિશેષ વિરાટ પુરુષ છે. એકવાર અમને પૂ.શ્રીનું દર્શન થયું તેમાં પૂ.શ્રીની એક આંખમાં સૂર્ય ને એક આંખમાં ચંદ્ર એવું દર્શન થયા પછી ઘણા સમય પછી કોઈ એક ગ્રંથમાં વાંચવા મળ્યું કે વિરાટ પુરુષની સૂર્ય ને ચંદ્ર નામની બે આંખ હોય છે. શાસ્ત્રનું વર્ણન માને પૂ.શ્રીના દર્શનમાં કરાવીને શાસ્ત્રને સત્ય બતાવવાનું સમજાવે છે એટલે અમારે પણ પૂ.શ્રી જીવંત શાસ્ત્ર, જીવંત દેવતા, જીવંત તીર્થ છે. એમનો આ ગ્રંથ પણ અક્ષર દેહ છે. આપણને આપણી હયાતીમાં આવા સમર્થ સંત મળે કે એમનો અક્ષરદેહ મળે તો પણ પરમભાગ્યશાળી છીએ.

**પ્રકરણ ૭૪ પૂર્વ જન્મોનું જ્ઞાન**

(૧) (૨) (૩)

(પ્રકાશના પંથેમાં આ પ્રકરણ વારંવાર વાંચવા જેવું છે)



પૂ.શ્રી ૧૯૪૪–૧૯૪૫–૧૯૪૬ પૂર્વજન્મના અનુભવોની વાત છે. કુલાનંદ એક ઉચ્ચ કોટિના મહાત્મા છે. એક પ્રસિદ્ધ મહાપુરુષ છે. એવા એક સંત પુરુષે પૂ.શ્રી માહિતી આપી છે જે પૂ.શ્રીના અનુભવ સાથે મળતી આવે છે.

**પૂ.શ્રીમાઃ—**પૂર્વ જન્મના જ્ઞાનનું આ પ્રકરણ ખૂબ નાજુક છે. ખૂબ અમૂલ્ય છે. એની ચર્ચા કરવાનો આપણને કોઈ અધિકાર નથી. આપણી કોઈ પાત્રતા પણ નથી. અનેક અનુભવોની જેમ આ પણ અનુભવને એમણે આત્મકથામાં પ્રામાણિક રીતે ઉતાર્યો છે. એ પ્રકરણને મૌન ને સન્માન સાથે આ બેઠકપૂર્ણ કરીએ. આ જ્ઞાનને બાવની ગાઈને વધાવી લઈએ.

**પ્રકરણ : ૭૫ જમનોત્રીની યાત્રા**

**(ભાગ ૧—૨) માતાજીનો મેળાપ**

**પ્રકરણ : ૭૬ ગંગોત્રી કેદારનાથથી બદ્રીનાથ**

**પ્રકરણ : ૭૭ માતાજીની માંદગી ને રામનું દર્શન**

**પ્રકરણ : ૭૮ અયોધ્યા, કાશી, પ્રયાગ, વ્રજમંડળ**

**પ્રકરણ : ૭૯ શાંતાશ્રમનો ફરી મેળાપ**

**પ્રકરણ : ૮૦ સરોડામાં**

૧૯૪૪માં દશરથાચલ ઉતરીને દેવપ્રયાગમાં નિવાસ.

**પ્રકરણ : ૮૧ કવિવર નાન્હાલાલનો મેળાપ**

(આ પ્રકરણનું મેટર ખૂબ ધ્યાનથી વાંચવા જેવું છે.)

**પ્રકરણ : ૮૨ ભગવાન રમણ મહર્ષિનાં દર્શન**

**પ્રકરણ : ૮૩ શાંતાશ્રમમાં**

દેવ પ્રયાગની સાધના માટે પસંદગી

વાંદરાનો વિચિત્ર અનુભવ

**પ્રકરણ : ૮૪ કાળી આકૃતિનો અનુભવ**

(૧) દક્ષિણેશ્વર જવાની આજ્ઞા.

(૨) કાળી આકૃતિ.

**પ્રકરણ : ૮૫ દક્ષિણેશ્વરના અનુભવો.**

કુમારી રૂપે મા.

**પ્રકરણ : ૮૬ ઘરેણાં વેચી દઈશું**

**પ્રકરણ : ૮૭ અલ્મોડાના આશ્રમમાં**

**પૂ.શ્રીમાઃ—**પ્રકાશના પંથેમાં ઘણીવાર આપણે આત્મિક આદેશની વાત વાંચી ગયા. ધર્મશાળા છોડવાનો આદેશ એમને પોતાના અંદરમાંથી જ થયો હતો. અલ્મોડા ના જવું એવું પણ અંતરમાંથી તેમને મળ્યું હતું. આવા દૈવી આદેશ અંતરમાંથી મળતા હશે કે કેમ? એવા પ્રશ્નો થાય. પણ એવા અવાજનો જેને જેને અનુભવ હોય તે તે આ વાતને પ્રસાદની જેમ વધાવી લે. એવા અવાજો આપણી અંદરથી જ સંભળાતા હોય એવું નથી. અમને એવા અવાજો છેક ઉપરથી, નજીકથી, કોઇ બોલતું હોય એવા સ્પષ્ટ અવાજ સંભળાતા રહે છે. પૂ.શ્રીની વિદાય થઇ. ૫—૭ દિવસો ખૂબ મુંઝવણમાં ગયા. એક બપોરે સત્યપથના એ ઓરડામાં એવા વિચારોમાં ખોવાયેલાં અમે બેઠા હતાં. ત્યાં જ ડાબી બાજુથી કોઇ ખૂબ સ્પષ્ટ સ્વર સંભળાયો. અવાજ ઉપરથી આવતો હતો. આટલો જ દૂર હતો. 'હું અહીં જ છું' આ શબ્દો એવા ભારપૂર્વક સ્પષ્ટ સંભળાયા કે અચાનક એ શબ્દોથી અમારી બધી જ નિરાશા ઘટી ગઇ. સંપૂર્ણ સ્વસ્થ થઇ જવાયું. સવારે નારાયણભાઇ વિદાય લેવા આવ્યા તો તે રડી પડ્યા. અમે ખભો થાબડતાં કહ્યું. પૂ.શ્રી અહીં જ છે. ક્યાંય ગયા નથી. એ શબ્દોની એવી તાકાત હતી કે એકલતાને પણ આશ્વાસન આપી શકે. એવા આદેશના અનુભવ ઘણીવાર થયા છે. ટ્રસ્ટના કામમાં શરૂઆતમાં ખૂબ ગૂંચ હતી. સાધના ક્ષેત્રે પણ શું કરવું તે



સમજાતું નહોતું. સ્વરૂપની સામે બેસીને પ્રાર્થના કરતા હતાં તો ત્યાં અચાનક એ સ્વરૂપમાંથી પણ અવાજ આવતો. કેટલીકવાર એ સ્વરૂપના આકરની ફરતે આખી પ્રકાશ રેખા ઝળહળતી દોડતી જોવા મળતી. ને એવી અનુભૂતિથી મન શાંત થઇ જતું. અવાજ સંભળાય પણ કોણ બોલે છે તે ના દેખાય. એકવાર વડોદરા એક પ્રોગામ હતો. બેઠક પૂરી થઇ રૂમમાં ગયાં. કલ્પુ સાથે કાંઇ વાત કરી રહ્યાં હતાં. ત્યાં જ બાજુના ઓરડામાંથી સંસ્કૃત ભાષામાં ચંડીપાઠ સંભળાયો. અમે કલ્પુને પૂછ્યું કોણ છે બાજુના રૂમમાં? "કોઇ નથી. બધાં જ નીચે ગયા છે. તું જોઇ આવ. ઘણાં બધા પાઠ કરતા હોય એવું સંભળાય છે. "કલ્પુ કહે, મા કોઇ નથી. તો એ ચંડીપાઠ કરનાર કોણ હશે? એવા અવાજ જેને દૈવી સ્વર કહી શકાય એ વાત સાચી છે સંભળાય છે ઉઘાડી આંખે અને જાગૃતિની પૂર્ણ દશામાં."

અમે લોસ એન્જેલસ હતાં. રાત્રે ૩ વાગે રૂમના એક ખૂણામાંથી ઉપરથી એક જ વાક્ય સંભળાયું 'ભાઇ ગયા.' પાછું તે જ. તેજ વાક્ય બે મિનિટ પછી પાછું સંભળાયું. અમે સમય તારીખ સ્થળ નોંધી લીધું. સંભળાયું કે ભાઇ ગયા એટલે શું? ને ઘણાં વરસ પછી અમારા મોટાભાઈ અચાનક વિદાય થયા. મા ત્યારે ન્યુજર્સીમાં હતાં. રાતે ફોન આવ્યો. સરોજબેન માના રૂમમાં આવ્યાં. ને કહે 'ભાઇ ગયા.' વરસો પહેલાં સંભળાયેલા શબ્દોનો મેળ તે રાત્રે બેઠો.

સત્યપથમાં મુંઝવણની એક રાતે અમે સૂવા ગયાં. પાસું બદલ્યું ત્યાં જ સ્તુતિ શરૂ થઇ. ૧૫—૨૦ ભક્તો સાઈબાબાની સ્તુતિ ગાઇ રહ્યા હોય. અમે તો એવો કોઇ વિચાર ના કરેલો. અચાનક તે સ્તુતિ સાંઇબાબાની જે અમે ગુરુવારે બોલતાં તે જ સ્તુતિ. ૧૫—૨૦ ભક્તો, સુમધુર સંગીત સાથે ગાતા હોય એવું

સંભળાતી હતી. અમને એમ થયું કે અમને કાનમાં કંઈક ગડબડ છે. એટલે કાનમાં આંગળી નાંખી પડખું બદલ્યું. તે જ સ્તુતિ સતત સંભળાઇ રહી હતી. પછી તે સ્તુતિ બંધ થઇ ગઇ. બીજે દિવસે ખ્યાલ આવ્યો ગુરુવાર આવે છે માને યાદ કરાવવા પ્રભુએ સંભળાવી હશે. એટલે કે દૈવી અવાજ દૈવી આદેશની આ વાતો પ્રકાશપંથમાં આવે છે તે સાવ સાચી જ છે. એવું મા તો માને જ છે. એ માન્યતા પાછળ અનુભૂતિ છે. અહીં અલ્મોડા ના જાવ એ આદેશ કેટલો બધો સાચો હતો ! જ્યોતિષના ગણિતને પડકારનારો હતો. અનુભૂતિના જગતની વાત અનુભવે જ સમજાય. શાસ્ત્રવચન, મહાપુરુષોનાં વચન અનુભવી સંતોનાં વચન. પહેલું શાસ્ત્રવચન, બીજું મહાપુરુષના વચન, અનુભવી સંતોના વચન આ ત્રણ પ્રમાણભૂત માનવાની વાત છે. આપણને જેનામાં શ્રદ્ધા હોય, પ્રેમ હોય, વિશ્વાસ હોય તેની. બધી જ વાત આંખ મીંચીને સ્વીકારી લેવાની ટેવ છે, જેમકે નાના હોઈએ ત્યારે માતાની બધી જ વાત સાચી લાગે અને તરત જ સ્વીકારી લઈએ. એવી જ રીતે આવા અનુભવી મહાન સંત જે કાંઇ કહે તે વફાદાર રહીને જ કહેને ! એવા સંતને પરમાત્મા મળી ગયા હોય. પછી તેને પ્રતિષ્ઠાની ભૂખ ના હોય. જે અનુભવ્યું તે લખ્યું. એ રીતે પૂ.શ્રીના આ ગ્રંથનો એક એક શબ્દ અનુભવના રણકાર સાથે લખાયો છે. ધ્યાનથી વાંચીએ સાંભળીએ ને પછી શ્રદ્ધા વધારતા રહીએ એજ પારાયણનો હેતુ છે. પૂ.શ્રીને સારું લાગે માને સારું લાગે માટે પારાયણમાં નથી બેસતા ને ! આપણી શ્રદ્ધા વધારવા આપણો સમય સુધારવો, આપણી જાતે જ શણગાર કરીને પ્રભુ પાસે મૂકવા માટે પારાયણ છે. તમે સહુ ધ્યાનથી ૧–૧ વાક્ય સાંભળોનો દરેક વાક્ય જાણે એલાર્મ બની જગાડી રહ્યું છે.

(ક્રમશઃ)



# ડૉ. બી. જે. જાગાણીની નોંધપોથીની પ્રસાદી

–ડૉ. બી. જે. જાગાણી

**તા. ૧૪–૦૧–૨૦૧૨ શનિવાર**

ઘણાં સમય પછી ડાયરી લખવાનું મન થયું. પ્રમાદ કહો કે નિરાશા. પણ બંધ થયું. રાગ–દ્વેષના તીવ્ર વાવાઝોડાં વચ્ચે અશ્રદ્ધાનું વાદળું પણ આવી જાય. એ વખતે ઘણું મન મનાવીએ છતાંય દિશા મળે નહીં. આવા સમયે બધું જ બંધ થઈ જાય ને માત્ર પ્રાર્થના જ સાધન. એ તીવ્ર પ્રાર્થના પછી લખવાનું બંધ. ફરી પાછું થાય કે ઘણાં દિવસથી પ્રભુને પત્ર તો લખ્યો નથી. તો લખીએ. ઘણાંને ઘણાં મોટાં મોટા માણસોની ઓળખાણ હોય છે. તે ઓળખાણે જીવી જાય છે. અમારે એવી ઓળખાણો તો છે પણ એમ થાય કે તે શાશ્વત નથી. તો જે બધા શાશ્વતની પાછળ પડ્યા છે તે શાશ્વત પ્રભુની ઓળખાણ મેળવીએ. જેનું જેનું સ્મરણ કરીએ તે તે બધાં એક જ શાશ્વત પરમાત્માના જ રૂપો છે એવું સંતો ને શાસ્ત્રો કહે છે. માટે હે પરમાત્મા, મને આપની ઓળખાણ પાકી કરાવજો. હે પરમાત્મા, આપના પ્રતિનિધિ સમા માના શરણે જીવન નિર્ગમન થાય એવી સતત પ્રાર્થના કરીએ છીએ. આજિવિકા પ્રાપ્તિના કાર્યોમાં ઘણા કષ્ટો ને અપમાનો છે તે બધુંય આપની કૃપાનો પ્રસાદ છે એમ માનીને આરોગવાની શક્તિ આપજો. હળવા રાખજો. જીવનને સજાવજો. પ્રેમાળ ને સમૃદ્ધિથી ધબકતું જીવન આપજો. દર્શન પણ આપજો. આપ તે નહીં આપો તો કોણ આપશે. આભાર માનવાનું પણ શીખવજો. માન–અપમાનમાં સમતા આપજો. સમત્વયોગ પણ આપજો. અખંડ સ્મરણમાં રાખજો.

–પ્રણામ

**તા. ૧૫–૦૧–૧૨ રવિવાર**

હે પ્રભુ! હૃદયમાંથી સર્વભયને દૂર કરી દો. એ ખાલીપાનાં સ્થાને આપના માટે પ્રેમની ગંગાનો પ્રાદુર્ભાવ કરો. હે પ્રભુ! સર્વપ્રકારે શાંતિ આપો. જ્યાં જ્યાં આસક્તિ થઇ છે, જ્યાં જ્યાં મોહ થયો છે, જ્યાં જ્યાં અવિદ્યાની ગાંઠો બંધાઇ છે ત્યાં ત્યાં પ્રેમ થાય એવી કૃપા કરો. સર્વબંધનોથી પર આપના દિવ્યપ્રેમમાં જ રાખો.

સર્વપ્રકારની કટુતાને દૂર કરી દો. સર્વમાં પ્રભુનાં દર્શન કરવાની દૃષ્ટિ આપો. શરીરને નિરામય ને નિરોગી બનાવી દો. સમૃદ્ધિથી સભર જીવન આપો. આપનું સ્મરણ પ્રગાઢ આપો. જન્મ સાર્થક કરો. અશાંતિમાંથી મુક્તિ આપો.

**–પ્રણામ**

**તા. ૧૬–૦૧–૨૦૧૨ સોમવાર**

પૂ.શ્રીમા,

આપનાં શ્રી ચરણોમાં પ્રણામ.

શાંતિનો સમય શાંતિ પ્રાપ્ત કરવા માટે જ કરાવો.

નામસ્મરણ આપનું જ કર્યા કરીએ છીએ. આપ જ પરમશક્તિ છો એવી શ્રદ્ધા પૂ.શ્રીએ ગ્રંથો લખેલાં છે તેમાંથી જાણવા મળ્યું છે, ભક્તોના અનુભવે પણ જાણવા મળ્યું છે, પોતાના અનુભવોએ પણ પુષ્ટિ આપી છે. હે મા! જીવનના ખાલીપામાં પરમાત્મા જ હાજર હોય એવું કરો. દર્શન દઇને જીવનને ધન્ય બનાવી દો. સર્વત્ર શાંતિ મળે ને એમાં જ રહીએ એવી કૃપા કરો.

**–પ્રણામ**



# ભગવત્પ્રાપ્તિના સરળ ઉપાય(૨)

**અનુ : રક્ષાબેન દવે –રામસુખદાસજી**

આપ કેવળ ભગવાનની જ ઇચ્છા કરો. અન્ય કોઇ ઇચ્છા ન કરો. ન જીવવાની ઇચ્છા કરો, ન મરવાની ઇચ્છા કરો. ન માનની ઇચ્છા કરો, ન મોટાઇની ઇચ્છા કરો. ન ભોગોની ઇચ્છા કરો, ન રૂપિયાઓની ઇચ્છા કરો. **કેવળ એક ભગવાનની ઇચ્છા કરો તો તેઓ મળી જશે. ઓછામાં ઓછું મારી વાતની પરીક્ષા તો કરી જુઓ.** ભગવાન આપને મળતા નથી; કારણ કે આપ એમને ઇચ્છતાં નથી. આપની અંદર રૂપિયાઓની ઇચ્છા હોય તો ભગવાન વચમાં કૂદીને શું કામ પડશે? સંસારમાં સૌથી રદ્દી (નકામી) વસ્તુ રૂપિયો છે. રૂપિયાઓથી રદ્દી ચીજ બીજી કોઇ છે જ નહીં. એવી રદ્દી ચીજમાં આપનું મન અટકેલું હોય તો ભગવાન કેવી રીતે મળશે?

(૧૨)

આપ પાપી છો કે પુણ્યાત્મા છો, ભણેલાં છો કે અભણ, એ વાતને ભગવાન જોતા નથી. તેઓ તો કેવળ આપના હૃદયનો ભાવ જુએ છે–**रहित न प्रभु चित चूक किए की। करत सुरति सय बार हिए की ॥**

તેઓ હૃદયની વાતને યાદ રાખે છે. પહેલાં કરેલાં પાપોને યાદ રાખતાં જ નથી ! ભગવાનનું અંતઃકરણ એવું છે, જેમાં આપનાં પાપો છપાતાં જ નથી ! કેવળ આપની અનન્ય લાલસા છપાય છે. ભગવાન કેવી રીતે મળે? કેવી રીતે મળે?–એવી અનન્ય લાલસા થઇ જશે તો ભગવાન જરૂર મળશે, એમાં સંદેહ નથી. **આપ અન્ય કોઇ ઇચ્છા ન કરીને, કેવળ ભગવાનની**

**ઈચ્છા કરીને જુઓ કે તેઓ મળે છે કે નથી મળતા !** આપ કરીને જુઓ તો મારી પણ પરીક્ષા થઇ જશે કે હું સાચું કહું છું કે નહીં !

(૧૩)

'મારો ભગવાનમાં જ પ્રેમ થઇ જાય'—એ એક ઈચ્છાને જ વધારો. રાતદિવસ એક જ લગની લાગી જાય કે મારો પ્રભુમાં પ્રેમ કેવી રીતે થાય? એક પ્રેમ સિવાય અન્ય કશી ઈચ્છા ન રહે, દર્શનની ઈચ્છા પણ નહીં ! આ ભગવત્પ્રેમની ઈચ્છામાં મોટી શક્તિ છે. આ ઈચ્છાને વધારો તો બહુ જલદી સિદ્ધિ મળી જશે. આ ઈચ્છામાં એટલી હદે વૃદ્ધિ કરો કે અન્ય બધી ઈચ્છાઓ ગળી જાય. **કેવળ એક જ લાલસા બાકી રહે કે 'મારો ભગવાનમાં પ્રેમ થઈ જાય.' તો તેની સિદ્ધિ થવામાં આઠ પ્રહર પણ નહીં લાગે !**

(૧૪)

પરમાત્માની પ્રાપ્તિ કઠિન નથી, કારણ કે પરમાત્મા ક્યાં નથી? ક્યારે નથી? કોનામાં નથી? કેવળ એમના માટેની ઈચ્છાની ખામી છે, અન્ય કશી ખામી નથી. કેવળ એક ઈચ્છા થઇ જાય કે પરમાત્મા ક્યારે મળે? તેઓ કેવા છે—એ જોવાની જરૂર નથી. કેવળ એમની આવશ્યકતાની કદી વિસ્મૃતિ ન થાઓ. **એમની એક ઈચ્છા, એક લાલસા કરવામાં તો સમય લાગશે, પણ પરમાત્માની પ્રાપ્તિ થવામાં સમય નહીં લાગે.**

(૧૫)

જેમ આપણે તરસ્યાં મરી રહ્યાં છીએ અને ગંગાજી પણ પાસે છે, પણ આપણે ગંગાજી સુધી જઇએ જ નહીં, તેનું જલ પીઇએ જ નહીં તો ગંગાજી શું કરે? એમ જ અનેક વિલક્ષણ મહાત્મા



થયા છે, ભગવાનના અનેક અવતારો થયા છે, પણ આપણી મુક્તિ નથી થઇ તો એનું કારણ એ હતું કે આપણે જાગ્યાં નહીં. એટલે પોતાનો ઉદ્ધાર કરવા માટે પોતે જાગૃત થવું આવશ્યક છે. સંસારના પદાર્થો પ્રારબ્ધથી મળે છે, પણ પરમાત્માની પ્રાપ્તિ નવું કાર્ય છે, જેને આપ કરી શકો છો. એ કામ આપોઆપ થાય તેવું નથી, બલ્કે લગનીથી થાય તેવું છે. **લગની નહીં હોય તો સારા મહાત્મા મળવા છતાં આપ લાભ નહીં લઈ શકો.**

(૧૬)

લોકોને પરમાત્મપ્રાપ્તિ અઘરી એટલે લાગે છે કે અંતરમાં અસલી લગન નથી. લગન હોય તો પરમાત્મપ્રાપ્તિ બહુ સુગમ છે. લગન ન હોય તો પરમાત્મપ્રાપ્તિ બહુ અઘરી છે. પરમાત્મપ્રાપ્તિમાં પ્રારબ્ધ, ઉદ્યોગ, બુદ્ધિ, વિદ્યા, યોગ્યતા વગેરેની જરૂર નથી.......સદાચારી આદમીના મનમાં પણ જો લગની નથી તો તેને પરમાત્મા નથી મળતા. પરંતુ દુરાચારી માણસના અંતરમાં પણ લગની લાગી જાય તો તે પરમાત્માની પ્રાપ્તિ કરી શકે છે. મોટા મોટા ચોર, ડાકુ, કસાઇની અંદર પણ જ્યારે પરમાત્માની લગની લાગી ગઇ ત્યારે તે પરમાત્મને પામી ગયા. લગની હોય તો પરમાત્મા પ્રત્યેકને પ્રાપ્ત થઇ શકે છે. **તેઓ તો મળવા માટે તૈયાર બેઠા છે ! લગની નથી—તે સિવાય પરમાત્મ—પ્રાપ્તિમાં કોઈ કઠિનતા નથી. લગની હોય તો સંત મહાત્મા પણ મળી જશે. પણ લગની વિના તેઓ મળ્યા હોવા છતાં પણ કામ નહીં આવે.** એટલે આપ સાચી લગની લગાડો. ભગવાન પાસે માગો તો એક લગની જ માગો. સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરો કે—'હે નાથ! તે લગની આપો, જેનાથી આપ પ્રકટ થઇ જાઓ છો.'

(૧૭)

પોતાનું કલ્યાણ ન ગુરુને આધીન છે, ન સંતોને આધીન છે અને ન ઈશ્વરને આધીન છે. એ તો પોતાને આધીન છે. **'उद्धरेदात्मनात्मानम्'** (ગીતા ૬–૫) 'પોતે જ પોતાનો ઉદ્ધાર કરો.' આપ નહીં કરો તો કલ્યાણ નહીં થાય, નહીં જ થાય. લાખો ગુરુ બનાવી લો તો પણ કલ્યાણ નહીં થાય. **આપણી ભૂખ પણ આપણે રોટલી ખાઈએ તો જ મટે છે, તો પછી કલ્યાણ બીજો કેવી રીતે કરશે?** આપની લગની વિના ભગવાન પણ આપનું કલ્યાણ નથી કરી શકતા, તો ગુરુ કરી દેશે, મહાત્મા કરી દેશે—એ ઠગાઈમાં, એ ચક્કરમાં ન પડશો. એમાં ભ્રમ છે, ભ્રમ છે ! પ્રથમથી જ ફસાયેલાં છો, ગુરુ મળી જશે તો વિશેષ ફસાશો. જો પરમાત્માના હોવા છતાં આપણું કલ્યાણ નથી થયું તો શું એમનાથી પણ તે જ મહાત્મા આવી જશે ! દયાળું, સર્વજ્ઞ અને સર્વસમર્થ પ્રભુના હોવા છતાં આપણું કલ્યાણ નથી થયું, તો ગુરુથી શું થશે? શું ભગવાન મરી ગયા કે માંદા પડ્યા છે કે એમની શક્તિ ઓછી થઈ ગઈ છે? આપે પોતે જ લાગી પડવું પડશે. આપ ખુદ લાગી પડો તો ગુરુ, સંત, મહાત્મા, ભગવાન વગેરે સૌ આપના સહાયક થઈ જશે. **બાળકને ભૂખ ન હોય તો દયાળુ મા પણ શું કરશે? આપની લગની વિના કોણ કલ્યાણ કરશે અને કેવી રીતે કરશે?**

અનંત યુગ વીતી ગયા, તો પણ આપણું કલ્યાણ કેમ ન થયું? શું ભગવાનના દયાળુપણામાં, સર્વજ્ઞતામાં, સર્વસમર્થતામાં કશી ઊણપ છે? શું ગુરુ ભગવાનથી વિશેષ દયાળુ, સર્વજ્ઞ અને સર્વસમર્થ છે? જેવી રીતે પોતાનું પતન આપ ખુદ કરી રહ્યાં છો, કોઈ બીજો નહીં, તેવી રીતે જ પોતાનું ઉત્થાન પણ આપે પોતે જ



કરવું પડશે. નહીંતર પરમાત્માના હોવા છતાં આપ દુઃખ કેમ પામો છો? આપની તૈયારી વિના કોઈ કલ્યાણ નથી કરી શકતું અને આપ તૈયાર થઈ જાઓ તો કોઈ વિઘ્ન નથી કરી શકતું.

(૧૮)

ગોરખપુરની એક ઘટના છે. સંવત ૨૦૦૦ પહેલાંની વાત છે. હું ગોરખપુરમાં વ્યાખ્યાન દેતો હતો. ત્યાં સેવારામજી નામના એક સજ્જન હતા, જે બેંકમાં કામ કરતા હતા. એક દિવસ મેં વ્યાખ્યાનમાં કહી દીધું કે અગર આપનો દૃઢ વિચાર થઈ જાય કે ભગવાન આજે જ મળે તો તેઓ આજે જ મળશે. એ સજ્જનને મારી આ વાત સ્પર્શી ગઈ. તેમણે નક્કી કરી લીધું કે આપણે તો આજે જ ભગવાનને મળવું છે. તેઓ પુષ્પમાળા, ચંદન વગેરે લઈ આવ્યા કે ભગવાન આવશે તો તેમને માળા પહેરાવીશ, ચંદન લગાવીશ ! તેઓ ઓરડો બંધ કરીને ભગવાનના આગમનની પ્રતીક્ષામાં બેસી ગયા. એક સમયે ભગવાનના આગમનની સંભાવના પણ થઈ ગઈ અને સુગંધ પણ આવવા લાગી, પણ ભગવાન પ્રગટ ન થયા. બીજે દિવસે એમણે મને કહ્યું કે આજ આપ મારે ઘેરથી ભિક્ષા લો. હું ઘણાં ઘરોથી ભિક્ષા મેળવતો'તો. તે દિવસે તેમને ઘરે ગયો તો તેમણે મને પૂછ્યું કે, 'ભગવાન મળવાના હતા, સુગંધ પણ આવતી'તી, પછી શું વિઘ્ન આવ્યું કે તે મળ્યા નહીં?' મેં કહ્યું કે 'ભાઈ ! મને શી ખબર? પરંતુ હું તમને પૂછું છું કે શું તમારા મનમાં એવો વિચાર આવતો'તો કે આટલી જલદી તો ભગવાન કેવી રીતે મળશે?' તેઓ બોલ્યા કે 'એ વિચાર આવતો'તો.' મેં કહ્યું કે 'એ જ વાતે ભગવાનને આવતાં અટકાવ્યા ! જો મનમાં એમ વાત હોત કે ભગવાન મને અવશ્ય મળશે, એમણે મળવું

જ પડશે તો તેઓ જરૂર મળત. ભગવાન એમ કેવી રીતે જલદી મળશે—એવો ભાવ રાખીને તમે પોતે જ વિઘ્ન સર્જ્યું છે.'

અગર આપ વિચાર કરો કે ભગવાન આજે મળશે તો તેઓ આજે જ મળી જશે. પરંતુ મનમાં એ છાયા નહીં આવવી જોઈએ કે આટલી જલદી કેવી રીતે મળશે? **ભગવાન આપનાં કર્મોથી અટકતા નથી. જો આપના દુષ્કર્મથી, પાપ–કર્મથી ભગવાન અટકી જાય તો તેઓ મળીને પણ શું ન્યાલ કરશે?** પરંતુ ભગવાન કોઈ કર્મથી અટકતા નથી. એવી કોઈ શક્તિ છે જ નહીં, જે ભગવાનને મળતાં અટકાવે. તેઓ ન તો પાપકર્મોથી અટકે છે, ન તો પુણ્યકર્મોથી અટકે છે. તેઓ સૌને માટે સુલભ છે. જો ભગવાન આપણાં પાપોથી અટકી જાય તો આપણાં પાપ ભગવાનથી પણ પ્રબળ કહેવાયાં. જો પાપ પ્રબળ છે તો ભગવાન મળીને પણ શું ન્યાલ કરશે? જે પાપોથી અટકી જાય તેના મળવાથી શો લાભ? પરંતુ ભગવાન એટલા નિર્બળ નથી, કે જે પાપોથી અટકી જાય. એમની સમાન બળવાન કોઈ છે નહીં, થયો નથી, થશે નહીં, થઈ શકે નહીં. **આપની જોરદાર ઈચ્છા થઈ જાય તો આપ કેવાંય હો, ભગવાન મળશે, મળશે, મળશે ! એમણે મળવું જ પડશે એમાં સંદેહ નથી.**

(૧૯)

આપે જોરશોરથી ભજન, જપ, તપ કર્યું, પરંતુ 'ભગવાન મળે છે કે નથી મળતા'—એ શંકા છે તો ભગવાન નહીં મળે. 'હું પાપી છું, ભગવાન નહીં મળે' તો ભગવાન નહીં મળે. 'હું અધિકારી નથી' તો ભગવાન નહીં મળે. 'હું કેવોય છું, પણ ભગવાન મળવા જોઈએ' તો ભગવાન મળી જવાના. કેવળ પોતાની ઈચ્છામાં વૃદ્ધિ કરો.



# પ્રાર્થનાઓ

**—મા સર્વેશ્વરી**

હે પ્રભુ! અમારા કર્તા, માતા, પિતા, સ્વામી, મિત્ર અને સગા તેમજ છો.

તમે નિર્ધનનું ધન, નિર્બળનું બળ અને દુઃખીજનોના દોસ્ત છો.

તમે સૌથી મોટામાં મોટા, સર્વના શિરોમણિ ને સૌના પૂજનીય દેવ છો.

તમારા હુકમથી જ સૂર્ય તપે છે તમારા હુકમથી જ વરસાદ વરસે છે, તમારા હુકમથી વાયુ વાય છે, તમારા હુકમથી જ સમુદ્રમાં ઓટ થાય છે અને તમારા હુકમથી જ ઋતુઓ એક પછી એક આવે છે ને જાય છે.

કાનમાં સાંભળવાની શક્તિ, આંખમાં જોવાની શક્તિ, નાકમાં સૂંઘવાની શક્તિ, દાંતમાં ચાવવાની શક્તિ, પગમાં ચાલવાની શક્તિ ને જીભમાં બોલવાની શક્તિ એ બધી તમારી જ શક્તિઓ છે અને તે બધી કૃપા કરીને જ તમે અમને આપેલી છે.

તમે આગળ છો, તમે પાછળ છો, અંદર છો, તમે બહાર છો, તમે ઉપર છો, તમે નીચે છો, તમે દશે દીશામાં વ્યાપી રહ્યા છો. પ્રભુ! એવી કોઈ પણ જગ્યા નથી કે તમે ન હો.

ડુંગરની ટોચ ઉપર, સમુદ્રના તળિયામાં, વેરાન જંગલના મધ્યમાં, અંધારી ગુફામાં અને અમારા અંતરમાં પણ એક તમારો જ વાસ છે.

તમારી ઇચ્છાથી અમે ઉત્પન્ન થયા છીએ, માટે તમે અમારા કર્તા છો.

તમે આજ દિન સુધી અમોને નિભાવ્યા છે, માટે તમે અમારા પાલનકર્તા પણ તમે જ છો. અમને સારાં કામો કરવાની તમે બુદ્ધિ તથા તક આપો છો, માટે અમારા ખરા ગુરુ પણ તમે જ છો.

પ્રભુ! તમે અમને ઝાડ, પહાડ, પથ્થર કે પશુપક્ષી ન કર્યા, પણ ઉત્તમ મનુષ્યાવતાર આપ્યો. એ કેટલો બધો ઉપકાર છે?

હે નાથ! તમે અમને જોવાને આંખો આપી છે, સાંભળવા કાન આપ્યા છે, ચાલવાને પગ આપ્યા છે અને વિચારવાને બુદ્ધિ આપી છે, એ શું થાડો ઉપકાર છે?

તમારો સૂર્ય અમને ઉજાસ આપે છે, તમારી નદીઓ અમને જળ આપે છે અને તમારી પૃથ્વી અમને ખાવાને અન્ન આપે છે. પ્રભુ, આ કાંઇ અમારા ઉપર જેવીતેવી કૃપા નથી.

### બચત ગલ્લા પરત કરવા

ડીસે. ૧૧ માં પંદર વર્ષથી નીચેની વયના જે જે બાળકોને પૂ.મા શ્રી સર્વેશ્વરી તરફથી બચત ગલ્લા આપવામાં આવ્યા હતા તે ગલ્લાઓ સ્વર્ગારોહણ, અંબાજીના મેનેજરની ઓફિસમાં ડીસે. ૧૨ સુધીમાં સુપ્રત કરવા જણાવવામાં આવ્યું છે, જેથી બાળ સત્કર્મ અંગે કાર્ય થઇ શકે.

—તંત્રી



# પૂ. મા સર્વેશ્વરીનું ભારત આગમન અને અસ્થિ વિસર્જન

—નારાયણ હ. જાની

પરમ વંદનીયા મા સર્વેશ્વરી ભારત આવી ગયાં છે ને નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં હરિદ્વારમાં શ્રી યોગેશ્વર પરિવારના જે સાધકોનો સ્વર્ગવાસ થયો હતો, તેમના પરિવારના સભ્યો તેમનાં અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર પહોંચી ગયા હતા. આ દિવંગત સાધકોમાં સમાવેશ થતો હતો, વડોદરાના શ્રી મોહનલાલ ટેલર અને શ્રી હરીશભાઇ કોન્ટ્રાક્ટર, અમેરિકાનાં શ્રી ધીરજબેન નાણાવટી, મુંબઇનાં શ્રી કૌમુદીબેન મહેતા તો મેસવાણના શ્રી કરસનભાઇ પટેલ.

પૂ. માની ઉપસ્થિતિમાં આ બધાની ધાર્મિક વિધિ અનુસાર મા ગંગાના ખોળે એમનાં અસ્થિઓનું વિસર્જન થયું, તે તેઓનું મોટું સદ્‌ભાગ્ય લેખાય.

આ નિમિત્તે હરિદ્વાર પધારેલ સો જેટલા સાધકોએ પૂ. માના સાન્નિધ્યનો અને સત્સંગનો લાભ લીધો.

## પૂ. મા અંબાજી—સ્વર્ગારોહણમાં પધારે છે

તા. ૧૧ નવેમ્બરના રોજ પૂ. મા અમદાવાદથી નીકળી બપોરે ૩—૩૦ કલાકે સ્વર્ગારોહણ પધારે છે. પૂ. મા પધારતાં સાધક ભાઇબહેનો પૂ. માના સત્કાર સાથે ધૂન બોલી પૂ. માનું અભિવાદન કરે છે. પૂ. માને આવતાં થોડું મોડું થયું, કારણ સાથેની ગાડીના વીલમાં પંચર થયેલું. સાધકો પ્રતીક્ષામાં પૂ. માનું સતત સ્મરણ કરતા રહ્યા. જાણે એક વણગોઠવાયેલ સત્સંગ

બેઠક ૨–૦૦ થી ૩–૩૦ ની થઇ ગઇ! પૂ. મા સૌ સાધકોનું અભિવાદન ઝીલતા સીધાં જ યોગશૈવલ્યમ્ હોલમાં પધારે છે ને શરૂ થાય છે પૂ. માની સ્લેટ પરનું લખાણ :

આટલા બધા સાધક ભાઈબહેનો પૂ. ગુરુદેવ પ્રભુને પ્રેમ કરે છે, તે જોઇ આનંદ થાય છે.

પછી લખે છે : કોણ ક્યારે ક્યાં વિદાય થશે તે કોઇ જાણતું નથી. માટે રોજ ને રોજનો હિસાબ ચૂક્તે કરી સૂઇ જાઓ, જેથી સારી નિદ્રા આવે ને મનમાં કોઇ દ્વિધા ન રહે. જ્યાં સુધી આ દેહ છે ત્યાં સુધી જીવનમાં કરવા જેવું જે પ્રભુપ્રાપ્તિનું કામ છે તે કરી લઇએ. ભૂતકાળની ભૂલોને ના વાગોળો, વર્તમાનને સુધારી લો.

પછી પૂ. મા પોતાની ૯–૧૧–૧૨ની ડાયરીનું વાંચન કરાવે છે. ભાઇ અજય કલોલા તે વાંચે છે. પૂ. મા તે દિવસે અમદાવાદમાં શ્રી બીપિનભાઇ તન્નાને ત્યાં છે. એ પરિવારની પ્રેમ, શ્રદ્ધા ને ભક્તિને પૂ. મા વધાવે છે. પૂ. મા લખે છે–૯–૧૧ ની તારીખ પૂ. માના જીવનમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે કારણ તે દિવસે ૧૯૭૯ માં પ્રભુએ પોતાના પાર્થિવ તનુ પર હૃદયરોગને આમંત્રણ ધર્યું. જવાનું હતું મોરબી, પરંતુ પ્રભુ પહોંચી ગયા અમદાવાદની વિવેકાનંદ હોસ્પીટલમાં. આ લીલા સર્જી પ્રભુએ પૂ. માને માટે મુક્તિદિન સર્જ્યો–જેથી આધ્યાત્મિક જગતમાં પૂ. માને વિધિપૂર્વક પ્રવેશ મળ્યો. જાણે આપણે આપણું વિસર્જન કર્યું.

પૂ. માને મન નવેમ્બર માસનું ખાસ્સુ મહત્ત્વ એ માટે છે કે તેમના પાર્થિવ તનુનો જન્મદિન પણ તે માસમાં છે. પોતાના મોટાં બેન શારદાબેન તેમજ શ્રી નારાયણભાઇનો જન્મ દિન



પણ આ માસમાં છે.

## પૂ. માના જન્મદિનની ઉજવણી

પૂ. મા સર્વેશ્વરીનો ૭૦ મો જન્મદિન આજે સ્વર્ગારોહણ અંબાજીમાં ઉજવાઇ રહ્યો છે. આ વખતે દીવાળીનું પર્વ પણ તારીખ ૧૩ નવેમ્બરે જ છે. આમ ધાર્મિક પર્વ અને જન્મદિન એક જ દિને આવતાં હોવાથી સ્વર્ગારોહણનું પ્રાંગણ વહેલી સવારથી જ સાધક ભાઇબહેનોથી ઉભરાઇ રહ્યું છે.

સવારે બરાબર ૬–૦૦ ના ટકોરે ધ્યાનની બેઠક પ્રારંભ પામે છે સાધક ભાઇબેનો બે વિભાગમાં વહેંચાઇ સીધી લાઇનમાં ગોઠવાઇ ગયા છે.

ખૂબ જ મંદ સ્વરમાં 'શ્રી યોગેશ્વરાય નમઃ'ની ધૂનનો ધ્વનિ વાતાવરણમાં પ્રસરી રહ્યો છે. સામે જ પૂ. શ્રી યોગેશ્વરજીનું પ્રકાશિત સ્વરૂપ જાણે સ્થિર ઊભા રહી આ બધું નિરખી રહ્યું હોય એમ લાગે છે. પૂ. મા પણ એક સોફા પર ધ્યાનમાં વિરાજમાન છે.

અર્ધા કલાકનું આ ધ્યાન ખૂબ શાંન્તિથી પૂરું થતાં જ સ્વર્ગારોહણના સેવકો પૂ. માના જન્મદિન નિમિત્તેના સત્કર્મની ગોઠવણમાં પરોવાઇ જાય છે.

## સત્કર્મનો પ્રારંભ

વહેલી પ્રભાતના આ સત્કર્મના લાભાર્થીઓ છે–લાકડાની ભારીઓ માથે ઉચકી વેચવા આવતી બેનો ને નાના છોકરાઓ. કુલ ૨૮૫ લાભાર્થીઓમાં ૧૮૫ જેટલી બાઇઓ છે, જેમને ઓઢણી, સ્ટીલની કથરોટ, બુંદીનો પ્રસાદ ઉપરાંત રૂા. ૧૦ પણ આપવામાં આવે છે. તો છોકરાઓને ઓઢણીના બદલે શરીર લૂછવાનો રૂમાલ અને સ્ટીલની ડીશ સાથે બુંદીનો પ્રસાદ ને રૂા.

૧૦ આપવામાં આવે છે.

પૂ. માના હાથે આ સત્કર્મનો પ્રારંભ થયા પછી તેનો લાભ વિદેશનાં અત્રે ઉપસ્થિત સત્સંગી ભાઇ બેનોને પ્રાપ્ત થાય છે. આ સદ્‌ભાગી ભાઇબેનોમાં સમાવેશ થાય છે શ્રી દેવાંગભાઇ, શ્રી હિતેશભાઇ, શ્રી વિનોદભાઇ, શ્રી બીનાબેન (પનામા) શ્રી રીટાબેન, શ્રી ક્ષીપ્રાબેન, શ્રી દક્ષાબેન, શ્રી સરોજબેન વગેરેનો. આ સત્કર્મ માટેનો સર્વ ખર્ચ કેનેડાના સત્સંગ કેન્દ્રે આપ્યો છે. અત્યાર સુધી કેનેડામાં બે સત્સંગ કેન્દ્રો ચાલતાં. યુવાઓનું અલગ હતું જેને પૂ. માએ આ વર્ષે મૂળ સત્સંગ કેન્દ્ર સાથે ભેળવી દીધું. તેના સત્સંગ પછી આરતીમાં જે રકમ ભેટ મળી, તેનો ઉપયોગ આ સત્કર્મમાં થયો છે. કેવું સરસ!

જન્મદિન નિમિત્તે આજે બેનોએ ખૂબ પરિશ્રમ ઉઠાવી તાજા ફૂલોના હારથી સમગ્ર યોગશૈવલ્યમ્ હોલને તેમજ પારણાને શણગારી પૂ. માના શૈશવના સ્વરૂપને તેમાં પધરાવી ઝુલાવવામાં આવ્યું છે. હોલ શણગારવાનાં આ તાજાં ફૂલો તેમજ આજના મિષ્ટાન્ન ભોજનનો સમગ્ર ખર્ચ પનામાના શ્રી બીનાબેન ભક્ત તરફથી આપવામાં આવ્યો છે. શ્રી બીનાબેન સ્વર્ગારોહણમાં પૂ. માની આજ્ઞા પ્રમાણે એક આખુ વર્ષ રહી સાધના કરનાર શ્રી ગુલાબબેન ભક્તનાં પુત્રવધૂ છે.

ભાજન પહેલાં સીડીઓનું જે દર્શન કરાવવામાં આવે છે, તેમાં પૂ.માનું પ્રાતઃસ્મરણ, પ્રણામ પૂજા, આરોગ્ય યાત્રા, ગંગા દર્શન તેમજ પ્રભાતદર્શન, નળ સરોવરનો સમાવેશ થાય છે.

## જન્મદિન પ્રસંગ

**–ડૉ. મયૂરી ટેલર**

શ્રી અજય કલોલા પૂ. માના આદેશ પ્રમાણે આજે ડાયરીનું



વાંચન કરે છે. દિવસ છે ૨૦–૧૦–૧૨. તેના ભાગરૂપે આ પદ છે. તો પૂ. મા બેન જયુને આ પદ ગાવા સૂચન કરે છે. બેન જયુના સુરીલા કંઠે ગવાતા આ પદને સાધકો ખૂબ ઉત્સાહથી ઝીલે છે. પરિણામે આખુય વાતાવરણ દિવ્ય બની જઇ, પૂ. માના આ સહજ સુંદર શબ્દો ''મને નાનો નાનો બનાવી દો'' પડઘાતા રહે છે, કેવો સરસ ઉપદેશ, કેવા સરળ શબ્દોમાં! ચાલો વાંચતા વાંચતા આપણેય ગાવા માંડીએ.

## પૂ. માની ડાયરીનું વાંચન

### ભજન

મને નાનો નાનો બનાવી દો,
મને નાજુક નમણો બનાવી દો.
નાનકડા એ નવા નેત્રોથી,
નંદનો લાલ બતાવી દો. મને૦
નાનકડી એ નવી ધરતી પર,
શ્રી હરિ સંગે રમવા દો. મને૦
સૌને નમતો, સૌને ગમતો,
સૌના હૈયે સ્થાપી દો. મને૦
સૌ પોતાના, હું પણ સૌનો,
જ્ઞાન ભાન એ જગાડી દો. મને૦
હરિના મંચે, હરિના અંકે,
હરિમય જીવન જીવવા દો. મને૦
હરિનો પાલવ પકડી પકડી,
હરિની ફરતે ફરવા દો. મને૦
સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે,
હરિ હરિ કરતા હરાવી દો. મને૦

**પૂ.મા લખે છે:–**

❃ આપણે તો નાના બની જવાનું છે.

❃ ચાલુ નોંધે કદી એવું નથી બન્યું કે જેથી નોંધ લખતા હોઈએ તે જ પદ લખાય. એની ઈચ્છાની વાત છે. નાના બની જવાની વાત છે.

❃ આ નાનકડા માને જ ફૂલોની વચ્ચે બેસાડ્યા છે (પારણામાં નાનકડા માનું સ્વરૂપ મૂકેલ છે.) ને મોટા સ્વરૂપે માને સ્ટેજ ઉપર!

❃ તમારા સૈના હૈયે બિરાજેલા આપણા પ્રભુને લક્ષ કોટિ પ્રણામ...પ્રણામ.

❃ સૌના મનઅંતરે એનો મુકામ છે. માટે જ એ સ્વર્ગારોહણ સુધી સૌને તેડી લાવે છે. એટલે માને શ્રી હરિ આટલાં બધાં સ્વરૂપ સજીને કેવા સંભાળે છે, તે જોઈ શકાય.

❃ તમારા સૌના પ્રેમ સામે એક જ પ્રાર્થના છે કે આપણા બધાને સાથે જ શ્રી હરિ આંગળી પકડીને દોરી જાય. તેમના પંથે.

❃ આપણા સૌનો સાથે જ વિકાસ થાવ. આપણે સૌ હરિના પ્રિય બની જઈએ.

❃ અંદર બહાર સર્વત્ર પારદર્શક–નિર્દોષ બની જઈએ. આ સ્વર્ગારોહણના ક્ષેત્રનું સર્જન એટલા માટે જ છે. અહી આવો એટલે સંસાર છોડીએ અને પ્રભુ સાથે જોડાઈએ.

❃ તોડો ને જોડો.

❃ આ હોલમાં બેઠેલા સૌ વડીલો અમને આશીર્વાદ આપે અને અન્ય સૌ શુભેચ્છા આપે કે આ પંથે હજી ને હજી આગળ



પગલાં ભરી શકાય. (પૂ. માની નમ્રતા તો જુઓ.)

(સવારે ૧૦ થી ૧૧ મૌન જપ)

**મૌન પછી પૂ.મા લખે છે:–**

❃ આજે તો તમે બધા જ ખૂબ સરસ રીતે એક કલાક મૌન પાળી શક્યાં.

❃ દરરોજ આ રીતે એક કલાક મૌન રહીને મહારાજ અને સેવકો સહિત સૌ કોઈ સાથે બેસીને જપી શકે છે.

❃ એ કાર્યક્રમ આરોગ્ય માટે પણ શરૂ કરવા જેવો છે. જેટલું બોલીએ તેટલું અગ્નિતત્ત્વ નાશ પામે છે ને અંતે આરોગ્ય પણ નાશ પામે છે.

❃ દરરોજ જેમ પ્રભાતવંદના, દરરોજ જેમ ભોજન તેમ દરરોજ સમૂહમાં મૌન સાથે જપ–વિચારવા જેવું છે.

❃ આપણા ઘરમાંથી કોઈ બહારગામ જાય અને તે પાછા આવે તો નાનકડા કે મોટા સૌ કોઈ આશા રાખે કે કંઈક તો લાવ્યા હશે.

❃ તમે બધા સૂર્યનારાયણને પ્રાર્થના કરો છો એટલે તે પ્રેમથી માર્ચ માસથી વરસવાનું શરૂ કરે છે. ને તમે બધા ૯ મંત્રો બોલીને માને મોકલી દો છો. પાછા પણ મા તો આવે જ છે!

❃ સૂટકેશ ભરીને કંઈને કંઈ લાવે જ છે. આ વર્ષે પણ આ માએ સૂટકેશમાં ૯૮ લાખ મંત્રજપ ભર્યા હતા.

❃ ૧૩ કરોડનો આંક પૂરો થયો.

❃ ગયા વર્ષે ૧૪ કરોડ થયા.

❃ આ વર્ષે ૩–૪ દિવસમાં ૧૫ કરોડ થઈ જશે.

❃ આ વર્ષે વળી ૩૬૫ પ્રણામ શરૂ થયા છે. હવે ૧ લી

નવેમ્બરથી તે પ્રણામનું રૂપ બદલીને ૧૮૫ દંડવત્ પ્રણામ દરરોજ થઇ રહ્યા છે.

❁ આ ૨૦૧૨ માં બે નિર્જળાનો પ્રયોગ સાથે થયો છે. તો ત્રણ પાણી ઉપરના વ્રત પણ સતત થયાં છે.

❁ આ વર્ષની સૂટકેશમાં બીજો પણ એક પ્રસાદ ભાઇ હેમલની સહાયથી પ્રાપ્ત થયો છે.

❁ ૨૦૧૨ માં જ ગંગાજી બે વાર જવાનું બન્યું તો ત્યાંથી જે પ્રસાદ પ્રાપ્ત થયો છે તે આજે તમારા હાથમાં પણ પીરસવામાં આવશે. એ પ્રસાદ બગડે એવો નથી. રોજ રોજ ધરાઇને ખાઇ શકાય તેવો છે. જેટલો ખાવો હોય તેટલો ખાઇ શકાય. સુગર, પ્રેશર, હાર્ટવાળાને આરોગ્ય ધરનારો! ગભરાતા નહિં!

❁ એ પ્રસાદ બેન રીટા તથા શ્રી હિતેશભાઇના સહયોગથી તૈયાર થયો છે. ૧૧ મંત્ર ૐ યોગેશ્વરાય નમઃ ના બોલીને એ પ્રસાદનું બોક્સ ખોલીશું. મંત્રનું ગાન.

❁ સૂટકેશમાં શ્રી વિનોદકાકા તથા સરોજબેન તરફથી પણ એક પ્રસાદનું પેકેટ હતું. તે પણ આજે સૌને મળશે. તે પેકેટમાં રાખડી છે. રક્ષા તો સૌ કોઇ બંધાવે છે. આ રાખડી ઘણા દિવસ ચાલે તેવી છે.

❁ માનું સદ્‌ભાગ્ય છે કે વડીલ સ્વજનો દૂર દૂરથી આવે છે ને માને મળી લે છે. શ્રી નારાયણભાઇ જાની ભાવનગરથી આવે છે, તો શ્રી કલ્યાણ સોમનાથથી આવે છે. તો શ્રી તરલાબેન અમદાવાદથી આવે છે.

❁ આ નાનકડા માને મળવા, આ મા સાથે જ રમવા સૌ આવે છે.

કેનેડા એક દિવસ ફોન પર મેસેજ હતો—હું લક્ષ્મેશભાઇ



જોષી—કેનેડા આવી ગયો છું, માને અમારા પ્રણામ. એટલે માનું સદ્‌ભાગ્ય છે કે સૌ વડીલ—સ્વજનો માને સામેથી મળવા આવે છે.

❁ મા : એક અગત્યની વાત યાદ આવી. સત્કર્મ થતું હતું ત્યારે જ્યોત્સ્નાબેન આવ્યાં, મા, એક ગ્રુપ ફોટો પાડવો છે. મા, બધાંએ એક સરખી સાડી પહેરી છે. માને ખૂબ આનંદ થયો ને ચાલુ સત્કર્મે જ એક નવું સત્કર્મ કરવાની માને ઇચ્છા થઇ! મા તો નાના છે એટલે તમે બધા એ ઇચ્છા પૂરી કરશોને! નહિં તો મા રડવા માંડશે. (હાસ્ય)

❁ આવતી કાલે જેને સત્કર્મ કરવું હોય તે દરવાજે ઊભા રહે ને આ તમારી સાડીનું દાન કરે. પ્રિયમાં પ્રિય વસ્તુનો ત્યાગ કરી તો જુઓ! કોઇકના અંગનું એ ઢાંકણ બની જશે! આજે તમે પહેરી એટલે આજે તમારી, આવતી કાલે તેને યાત્રા માટે વરદ્ હસ્ત ગાઇને વિદાય આપજો. આ ગ્રુપ ફોટાનું આટલું મોટું ને આટલું જલ્દી ફળ મળે એ કેટલી મોટી કૃપા કહેવાય! ગ્રુપ ફોટો તો પાડવો જ પડે! કારણ કે સાડીનો આજે અંતિમ દિન છે. તમારી એવી તો શરત નથી ને કે લો મા, તમે પણ ગુલાબી થાવ! (હાસ્ય)

❁ શ્રી તરલાબેન માના પ્રાગટ્ય દિને **''સ્નેહતીર્થ મા સર્વેશ્વરી''** પુસ્તીકા માને અર્પણ કરે છે. મા કહે તરલાબેનનો રસથાળ તો યુગો સુધી ચાલે તેવો છે, કદી ના બગડે. એ રસથાળ તમારી હેન્ડબેગમાં ગોઠવી દે જો જેથી કીડી ના ચઢે.

❁ સરસ ''આસનસિદ્ધિ'' સૌની થઇ ગઇ. કોઇ યોગટીચર અહીં બેઠા હોત તો સર્ટીફિકેટ આપત કે ૧૦ થી ૨.

❁ શ્રી તરલાબેનનો પ્રસાદ નવા વર્ષે મળે છે. ઘણા પાસે એ પ્રસાદ પણ નથી. તરલાબેન માને એક આદર્શ સખી જેવાં

લાગ્યાં છે. એટલે તે આવું જ પેકેટ લાવને! મનગમતું, ઉપયોગી, પ્રેરક, આંખ ઉઘાડનારું, જગાડતું પેકેટ!

❁ રૂા. ૭૫૦ નો ડીવીડીનો પ્રસાદ છે. જેમને ગમે તે ખરીદે. આ રાખડી જેને ગમે અને પહેરવાના હોય તો શ્રી સરોજબેન પાસેથી લઇ લેજો. તેની ઉપર **''ૐ મા રક્ષમામ્ અને ૐ યોગેશ્વરાય નમઃ''** લખાયું છે. તે રક્ષાકવચ છે.

❁ સાડીની સદ્‌ગતિ થતાં પહેલાં સાંજે ૪–૦૦ વાગ્યે ગરબે ઘૂમી લેજો.

❁ એક જ રંગની સાડી–વિચાર છે એકત્વનો, સંપનો, સમત્વનો. સમૂહમાં જેમ ભોજન ઘણું ફળ આપે તેમ સમૂહમાં સત્કર્મ પણ સીધા સ્વર્ગ લઇ જાય.

❁ આવતી કાલે નૂતન વર્ષ છે, જોજો ડરી ના જતાં, દર નવા વર્ષે મા સાડી ચોરી જશે એવું ના માનતા. કલ હો ના હો–એટલે આજે જ સંકલ્પ કરી લેજો. અહીં કન્યા છાત્રાલય છે તે દીકરીઓની માતાઓને દિવાળીનો (સાડીનો) પ્રસાદ.

❁ ચાર કલાક બેઠક ચાલે છે, તેથી પૂ. મા સ્લેટ પર લખે છે–તમે બધા ઢળી પડો તે પહેલા મોઢામાં કોળિયો મૂકે તેનું નામ મા.

## નવી સાડીઓનું સત્કર્મ

**–તંત્રી**

આ વર્ષે પૂ. મા પરદેશથી ભારત પધારે ત્યારે પૂ. માના જન્મદિને થોડી મોટી ઉમ્મરની બેનોએ એક સરખી સાડી બ્લાઉઝનો યુનિફોર્મ ધારણ કરવો, એમ વિચાર્યું. પૂ. માના જન્મદિનને આ રીતે વધાવવો.



એમ વિચારી શ્રી દર્શનાબેન અને જ્યોત્સ્નાબેને સુરતમાંથી ઘેરા ગુલાબી રંગની પોલીસ્ટરની સાડીની પસંદગી કરી. લગભગ ૯૦ જેટલી બેનો એમાં જોડાઇ ને પૂ. માના જન્મદિને બધા એમાં ઉપસ્થિત થાય તો એકરંગી સરસ માહોલ સર્જાય. ઘણા પરિવારોની બેનોમાં લગ્નમાં આવાં એકરંગી વસ્ત્રો પહેરવાની પરિપાટી દેખાય છે.

લગભગ ૯૦ જેટલી બેનોએ આવી સાડી ખરીદી બ્લાઉઝ સીવડાવી, પૂ. માના જન્મદિન નિમિત્તે અંબાજી આવ્યાં. આ સાડીઓ પહેરી ગરબે ઘૂમ્યાં. પૂ. મા સાથે સરસ ગ્રુપ ફોટો પણ પડાવ્યો. યાદગીરી તો રહેવી જોઇએ ને!

પૂ. માએ કહ્યું : આ સાડી કિમતી છે, બહુ ગમે તેવી છે, તો તેમાં આસક્તિ શા માટે? આપી દો ગરીબને સત્કર્મરૂપે. એમ સહુએ આનંદથી સાડી આપી દીધી. એની સ્મૃતિરૂપે રહ્યો પેલો ગ્રુપ ફોટો. એમ પૂ. માએ સાડીઓથી સહુની આસક્તિ છોડાવી.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# Lesson that Pujya Maa Taught me

**–Ketan JagNirmal**

(This article of shree Ketan Jagnirmal is, Though written before five years it has value at all times, Becouse its contents are above time. I do not recollect. When it was given to me by Pujya Maa. Anyway I traced it before some time & found it to be of spiritual value. So I include in this issue of Dec. 12) –Editor

Jai Krupalu Maa, Wendesday 13 Jan 07,

As I write this letter to you, Pujya Maa, my head is swimming with Many different thoughts and memories from you were just a few weeks ago. It's only been 3 days since you have left Pujya Maa but it feels like a lot longer than that.

The time that I was able to spend with you were in Toronto was a great priviledge for me and I learned much from your lectures that you were editing with Dad and Anil Bhai and from your comments and diary.

I learned about friendship. How in our lives it is good to have friends, however friends can come and go but if we make Pujya Maa and Prabhuj our friends they will be our friends for life. I have opened my heart in friendship to Pujya Maa and Prabhuji and Pujya Maa has



done the same for me. I feel like my whole world has changed for the better as a result of this. I have faith that with Pujya Maa and Prabhuji as my friends my best interests are being looked after even if I do not perceive it to be because I am limited in my perspective and therefore only see a small piece whereas Pujya Maa you see the whole. I have reached a point where I am learning to leave my worries and problems with Pujya Maa and Prabhuji and accept that whatever happens will happen for a reason. I have faith that Pujya Maa and Prabhuji is looking after me.

I recall from one of Pujya Maa's lectures how early in your life Pujya Maa you made Prabhuji your friend and had complete faith and trust in Pujya Maa you were deciding one day whether or not to go visit your parents in another town however it being already late in the week Pujya Maa you didn't know whether or not to go because of upcoming commitments at the school you were Principal of. Pujya Maa you decided that you would let Prabhuji make the decision for you. Therefore Pujya Maa you had 2 chits. one that said "yes" and one that said "no" and asked Prabhuji if you should go to see your parents and then drew a chit. It was Prabhuji's decision was that Pujya Maa you were to visit your parents. That story taught me an important lesson about faith because not only must one have

complete faith and trust but one must also not wish for a particular outcome, rather one must go in with a blank slate and ask the question of Pujay Maa or Prahbuji. If one's faith is true then whatever the answer is, that person will conduct themselves accordingly, knowing and having the faith, that this is what they are supposed to be doing. I can see from an outside perspective how it could be difficult for some people to have complete faith and effectively surrender themselves. Pujya Maa you asked me a very good question "if someone asks Pujay Maa and Prabhuji if they should jump off a bridge and the answer is "yes" would they have enough faith to jump, would I have enough faith to jump?" I couldn't answer that question and it's still a tough question to answere however I hope that the point of the question is to teach us to keep the faith and trust but always increase faith and trust to a point where you don't question anything....and then still move further. Never believe that you've reached the maximum limit of faith because there is still yet more beyond that.

Definitely a highlight for me with Pujay Maa was the day (saturday 02–Jun–07) that I asked Pujay Maa to come into the canoe with myself and Umesh Bhai to paddle Pujay Maa around the lake. I asked Pujay Maa "what does Hemel Bhai say? 'No tension!'" and then shortly thereafter Pujay Maa climbed into the canoe. I never thought that Pujay Maa you would actually do it



but of course to my surprise, and to the surprise of all the other people there, Pujay Maa did. What an experience that was for me and of course it was fun! I felt honored that Pujay Maa would trust me enough to climb into the canoe. I was not nervous while out in the canoe with Pujay Maa however afterwards when I thought about it I began to realize that this could be risky for Pujay Maa. What if the canoe tips, what if I cannot control the canoe properly? But at the time I was confident. Although that experience was great for me, what I will remember the most is listening to Dad read from your diary of the experience and what it meant for Pujay Maa. Pujay Maa you described it as me inviting Pujay Maa into the boat of my life, welcoming and inviting Pujay Maa into my life. And throughout the whole time Pujay Maa you were in the canoe being taken around in the lake Pujay Maa you were praying to Prabhuji to "look after Ketan and Umesh Bhai and take care of their worries for them and bless them as they have become closer to Pujay Maa and Pujay Maa has become closer to them." I didn't realize any of this until Dad had read your diary. Prior to the diary being read it was just a fun and exciting experience for me. After I hearing the diary being read it was still fun and exciting however it meant more that to me. It became more of a spiritual experience for me and more valuable than anything.

# Any Thing possible Though faith and Grace of God

**–Krupa Bhakta**
**A College Student**

College Application Essay Question :

Indicate a person who has had a significant influence on you and describe that influence.

Sarveshwari Maa, is a living saint who was born in Gujarat, India. As a messenger of God, Hindus look to her as a sort of Guru. Like a mother, she loves everyone no matter the choices he has made and tries to help him find his way back to God. Though I may not have known His purpose at the time, God had sent this Holy woman to guide me toward the correct path of my life.

During the end of my fifth grade year, I was one English exam away from being liberated from school for summer break. I have struggled in English class all my life; therefore, the English exam caused an unbelievable amount of stress. Knowing my history with English, I studied more than I had ever studied for any test or exam. I walked into the testing room with confidence. To my dismay, I felt as though I did not know a



single answer to any of the questions. How could this be happening? Time seemed to be my enemy when I had only completed half of the exam and the proctor notified us that there were a measly ten minutes remaining. I began to frantically write random answers. I was forced to leave many blank. I guessed at the multiple choice. I handed my exam to the proctou, went outside, and proceeded to sob. I had convinced myself that I had failed. I continued to cry the entire day as if the world had come to an end. My grandmother advised that I pray to God and put all my faith in Him. Due to the fact that my grandmother had previously met Sarveshwari Maa and knew that her guidance would encourage me, suggested that I speak with this holy woman. Considering I had nothing else I could do to better the situation, I humbly obeyed my grandmother and spoke to Sarveshwari Maa. She told me my exam was in God's hands now and the only thing I could do was to pray to God wholeheartedly. I subsequently prayed through innocent tears. Three weeks following my exam, I received my report card from school. Terrified to open the envelope, I finally found out I had received a B. I felt relieved and hurriedly called

Sarveshwari Maa to thank her over the phone. She told me that as long as I pray, God will listen. I succeeded because of my love and faith in God.

To express my gratitude, my mom and I visited Sarveshwari Maa in Los Angeles, California. This visit impacted my life and changed my lifestyle. During the mere four days I was there, I learned a plethora of lessons. Sarveshwari Maa taught me that in order to live a good life, I must learn to understand, cooperate, and forgive. She revealed how to love, be content, and not envy my neighbor. Sarveshwari Maa preached that weeds have to be plucked from the ground before they choke the plants that are growing. I had to pluck out all the weeds in my life before they become firmly established and suffocate those beautiful plants which are growing within me. I immediately tried to rid myself of all the thorns in my life such as hate, jealousy, and selfishness, which had prevented me from growing. I learned to not speak ill of others. and to exclude anger, greed, and bitter words from my mind. She taught me that by "indulging in rude words, one's nature becomes rude." Sarveshwari Maa resides in my conscience and



teaches me to be respectful, patient and honest not only with others, but also with myself.

I know that though it may not seem like it sometimes, God, to whom I offer my unconditional love, always listens to my prayers. Sarveshwari Maa expressed that life is like a river, whose purpose is to meet the ocean; and despite obstacles such as stones and branches, the water keeps flowing. In other words, there may be unbalance and obstacles in life, but stopping will do no good. Instead, I must find a solution, adjust, and go on with life. Sarveshwari Maa is my guide, my friend, but most of all she is my Mother who taught me that anything is possible through faith and grace of God.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પૂ.માના સાન્નિધ્યે નૂતન વર્ષનો પ્રારંભ

**(શ્રી વિનુભાઇ અમીનની ડાયરીના આધારે) —નારાયણ હ. જાની**

સ્વર્ગારોહણમાં નૂતન વર્ષ ૨૦૬૯નો પ્રારંભ સમૂહ ધ્યાનની બેઠકથી થયો. આ બેઠક પોણો કલાકની હતી. ખુલ્લામાં પક્ષીઓનો કલરવ છતાં વાતાવરણમાં અદ્‌ભુત શાન્તિનો અહેસાસ પૂ.માની ઉપસ્થિતિથી થતો હતો.

પછી તુર્ત જ હોલમાં સાધક ભાઈબેનોની બેઠક પૂ.માએ પ્રયોજી, આજના મંગલ દિનને સૌના ઉપર પૂ.ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના આશીર્વાદ વરસો એવી મંગલ ભાવના વ્યક્ત કરી. શ્રી નીલાબેન અને પૂર્ણિમાબેનને પૂ.મા સ્ટેજ પાસે બોલાવી પૂ.શ્રીના સરસ પદોમાંથી દસેક પદોની પસંદગી કરી. શ્રી દેવેશભાઇ દવેના કંઠે ગવડાવી એક કેસેટ તૈયાર કરી છે. આજ ભાઇના મધુર કંઠે ગવાયેલા ગુરુદેવ તેમજ પૂ.માની બાવનીઓની કેસેટ પર સવારની ને રાતની ફેરીઓ અહીં થાય છે.

સહુને પૂ.મા તરફથી દર વર્ષની જેમ સૂકામેવાનો પ્રસાદ ને રૂા. ૧૦/– મળ્યા. સાધક ભાઇબેનોની સંખ્યા એટલી બધી હતી કે શ્રી યોગશૈયલ્યમ્ હોલમાં તે ના સમાઇ શકી.

ગયા વર્ષે અમેરિકામાં પૂ.મા વનવિશ્રામમાં હતાં. ત્યારે શ્રી દેવાંગભાઇ પૂ.માને પંડિત જશરાજના સંગીતના એક કાર્યક્રમમાં લઇ ગયા ને પૂ.માને આગલી હોરળમાં બેસવાની વ્યવસ્થા કરી આપી. પૂ.મા તેઓના કાર્યક્રમમાં પધાર્યા છે, તે વાત પણ જણાવી તે જાણી તેઓએ હાથના ઈશારાથી પૂ.માનું અભિવાદન કર્યું.



પૂ.માને બીજે દિવસે કેનેડા જવાનું હતું તો શ્રી દેવાંગભાઇનો ફોન આવ્યો કે શ્રી પંડિતજી આપને મળવા માંગે છે. વિશ્વની સંગીતની મહાન હસ્તીને મળવાનું થયું એ આખી ઘટનાની વિડિયો પૂ.માએ સાધકોને બતાવી. એ મહાપુરુષ અને એમનાં પત્ની તથા પરિવારે પૂ.મા પ્રત્યે જે પ્રેમ ને ભક્તિભાવ દર્શાવ્યો તે જોઇ સર્વે સાધકોએ ખૂબ પ્રસન્નતા અનુભવી. ને મનોમન શ્રી દેવાંગભાઇનો આભાર માન્યો.

સૂર્યભગવાનનો ૧૦૮ નામોને પંડિત જશરાજજી એ ગાયાં છે, તો પૂ.માને વિચાર આવ્યો કે અમારા ગુરુજીનાં એકસો આઠ નામો પંડિતજી ગાય ને તેની C.D. બને તો કેવું સારું? પાંચ વર્ષ પહેલાંનો આ વિચાર પંડિતજીની આ મુલાકાત પછી સાકાર બની રહ્યો છે. તેઓએ પૂ.શ્રીની સંસ્કૃતમાં સ્તુતિ ગાવાની સંમતિ આપી છે. એટલું જ નહીં શક્ય બનેશે તો ત્રણેક સી.ડી. બનાવવાની તત્પરતા દર્શાવી છે.

શ્રી દેવાંગભાઇએ પંડિતજીને એક વિનંતિ પણ કરી છે કે આ સી.ડી. બહાર પડે ત્યારે આપ ભારત આવો ત્યારે સ્વર્ગારોહણ પધારો. તો તેઓએ કહ્યું છે કે હું સપ્તકમાં અમદાવાદ આવું છું ત્યારે શક્ય હોય તો ગોઠવી શકાય.

આ મોટા સંગીતકારનો ભાવ તો જુઓ, પૂ.માએ મોકલાવેલ **ૐ યોગેશ્વર રક્ષમામ્**ની શાલ તેઓએ આખો દિવસ ઓઢી રાખી, કહ્યું કે **પૂ.માકા પ્રસાદ હૈ.**

આજે પૂ.શ્રીના નામોના ગાનની સી.ડી. બની રહી છે, જેનું રેકોર્ડિંગ ન્યુજર્સીમાં થઇ રહ્યું છે.

પૂ.મા–પ્રભુની બાવનીઓ ગાનાર શ્રી દેવેશભાઇ દવે તેમનાં પત્ની મનીષાબેન સાથે પધાર્યા છે. પૂ.માના આદેશથી શ્રી

વિઠ્ઠલભાઇ ગોહિલ ને તેમનાં પત્ની સંગીતકાર દંપતીનું પુષ્પહારોથી સ્વાગત કરે છે. નૂતન વર્ષના પ્રથમ દિનની સંધ્યા શ્રી દેવેશભાઇએ મનમૂકીને ગાયેલાં પૂ.શ્રીનાં પદો, સાંભળવામાં વીતે છે. સૌ સાધકો પ્રસન્ન થઇ તેમને બીરદાવે છે. ભજન ગાવામાં તેમનાં પત્ની સાથ પૂરાવે છે, તો તેમનો પુત્ર સરસ તબલાં વગાડી—સંગીત સામેના તાલની ખોટ પૂરી કરે છે.

**પૂ.શ્રીનાં ભજનો : ૩**

સતત ચાર કલાક ગાઇને શ્રી દેવેશભાઇએ આખું વાતાવરણ ભક્તિસભર સંગીતમય કરી દીધું. પૂ.માએ પણ આ બધા કલાકારોને શાલ ઓઢાડી પ્રસાદ સાથે પુરસ્કાર ધરી સન્માન્યા. અરે, એમના માતા—પિતાનું પણ યોગ્ય રીતે સન્માન કર્યું.

શ્રી નારાયણભાઇ જાનીએ શ્રી દેવેશભાઇને પૂ.માનાં પદોની સી.ડી. બનાવવા સૂચન કર્યું, જે સૌને ગમ્યું. પૂ.માએ પણ આત્મનિવેદન ભક્તિનાં સરસ પદો રચ્યાં છે, જે ખૂબ ત્રેય છે. ‘અર્ઘ્ય’ અને ‘અંજલિ’ ના નામે તે પ્રકાશિત થયાં છે. છેલ્લે પૂ.માએ સર્વ ભુદેવોને જનોઇ સાથે રૂા. ૧૦/— નો પ્રસાદ આપી આશીર્વાદ ધર્યા.

પૂ.માના જન્મદિન નિમિત્તે શ્રી તરલાબેન દેસાઇ તરફથી સાધકોને **“સ્નેહતીર્થ મા સર્વેશ્વરી”** પુસ્તિકા વિનામૂલ્યે વહેંચવામાં આવી હતી. અગાઉ આ પુસ્તીકા છપાઇ હતી, પરંતુ તેની પ્રતો ઉપલબ્ધ ન હોવાથી, તેઓએ એ ફરી છપાવી છે.

પૂ.મા વિષે બોલતાં તેઓએ કહ્યું કે પૂ.મા ખરે જ અહંશૂન્ય સંત છે. તેઓએ પોતામાં રહેલી દિવ્યતાને સાધના દ્વારા પ્રકટાવી છે ને તેઓએ પોતાનો હરેક શ્વાસ હરિને સમર્પિત કરેલો છે.



આ વર્ષે શ્રી વિનોદભાઇ અને સરોજબેન રબ્બરની રાખડીનો પ્રસાદ સાધકો માટે લાવ્યાં છે. આ રાખડી જલ્દીથી ખરાબ થાય તેવી નથી. તેના પર ‘ૐ યોગેશ્વરાય નમઃ’ અને ‘ૐ મા રક્ષમામ્’ અંગ્રેજીમાં છાપવામાં આવેલ છે. પૂ.માએ કહ્યું આ રક્ષા કવચ છે.

બપોરના ચારની બેઠકમાં શ્રી કલ્યાણ, શ્રી દક્ષેશભાઇ કોન્ટ્રેકટર અને શ્રી નારાયણભાઇ જાની, શ્રી જયોત્સ્નાબેન વગેરેએ જન્મદિન નિમિત્તે શુભ લાગણીઓ પ્રદર્શિત કરી હતી.

રાત્રિ વંદના પછી પૂ.માની આરતી ઉતારતાં તેઓ પણ સ્ટેજ પરથી નીચે ઉતરી આવ્યાં. સૌ સાધકોની વચ્ચે ઊભાં રહી ગયાં, સહુ ભાવ વિભોર બની પૂ.માને જોઇ રહ્યાં.

આજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં નિષ્ઠા પંડ્યાએ ભજગોવિંદમ્ (સંસ્કૃતમાં) ગાયું તો કુ. પુષ્ટિએ પૂ.માના બાળ જીવનના પ્રસંગો સંક્ષેપમાં સરસ રીતે રજૂ કર્યા છે, જેથી મા ખૂબ ખુશ થયાં. વળી બાલિકાઓ પુષ્ટિ અને પુણ્યાએ સંસ્કૃત શ્લોકો અને વૃંદા મિત્રા તથા ઋચિકાએ પદ રજુ કર્યાં પછી મટકી સાથેનો સરસ ગરબો શરૂ થયો. જે જોઇ પૂ.માએ પ્રસન્નતા અનુભવી. ઝરણી ડાકરે તબલા વાદનમાં ત્રિતાલના પાંચ પલટા વગાડ્યા. તેણે ૩૧૫ કલાક સતત તબલા વાદન કરતાં બાળકોમાં ૧૫ કલાક તબલા વાદન કરી, ગ્રીનસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યું છે.

પૂ.માએ, આ બધાં જ બાળકોને પ્રસાદથી પુરસ્કૃત કર્યાં. પૂ.માના હાથનો પુરસ્કાર પામી બધાં જ બાળકોએ ખૂબ ખુશી અનુભવી.

ગંગાપૂજનની સરસ D.V.D. જોઇ, સાધકો પૂ.માને વંદન કરી વિખરાય છે. આ ગંગાપૂજન માટે બે—બે વર્ષ સુધી રાહ

જોવી પડે છે. કિન્તુ કોઇકનું પૂજન રદ થતાં પૂ.માને આ લહાવો સહજ રીતે પ્રાપ્ત થયો. તેને લીધે દસેક જેટલા હાજર સાધકોને પણ આ વિરલ પૂજનનો લાભ મળી ગયો.

## પૂ.માનું દર્શન સુલભ બન્યું—સાધકો ધ્યાન રાખે

પૂ.મા પોતાના સાધનાત્મક નિયમોમાં કોઇ બાંધછોડ કરતાં નથી. તેથી અત્યાર સુધી ઘણીવાર તેઓના જપ કે પ્રણામના નિયમો પૂરા ના થયા હોય અગર તેઓનું સ્વાસ્થ્ય બરાબર ન હોય તો સ્વર્ગારોહણમાં રહેતા સાધકોને પણ પૂ.માનાં દર્શન ખૂબ વિલંબથી થતાં.

પરંતુ પૂ.માએ પોતાના રોજિંદા નિયમોમાં બાધ ના આવે તે રીતે સવારની પ્રભાતફેરીમાં પણ જોડાય છે. તો વળી અગિયારની મૌન જપ કે પ્રભુના પ્રવચનની કેસેટ શ્રવણની બેઠકમાં પણ ઉપસ્થિત રહી પોતાના જપમાં મગ્ન રહે છે. મોટે ભાગે આ બેઠક કુટિયા પાસેની વૃક્ષોની છાયામાં ગોઠવાય છે.

રાતે ૮ વાગ્યાની પ્રાર્થનાની બેઠકોમાં પણ પૂ.મા ઉપસ્થિત રહ્યાં છે એ રીતે સાધકોને પૂ.માનું દર્શન દિવસમાં ઘણીવાર સહજ અને સુલભ બન્યું છે.

પૂ.મા અપવાદ સિવાય આ પરિપાટી ચાલુ રાખે તેવી વિનંતી છે, તો સાધકોના પક્ષે **પૂ.માને કોઈ વિક્ષેપ ના પહોંચે તેનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. કોઈ એકની ભૂલના પરિણામે પૂ.માને ઉપરામતા ના થઈ જાય,** તે જોવું સેવકો અને સાધકો માટે એટલું જ જરૂરી છે.

—તંત્રી



# પ્રકાશના પંથેની પ્રસાદી

—યોગેશ્વરજી

### સમયના મૂલ્યને જાણો

ફૂલમાંથી બહાર ગયેલી ફોરમ, વહી ગયેલો વાયુ, ને નદીનો આગળ વધી ગયેલું નીર, એ ત્રણેયમાંથી એકે પોતાના મૂળ સ્થાનમાં જેમ પાછા આવી શકતાં નથી, તેમ વહી ગયેલો વખત પણ પાછો આવતો નથી. એ નિયમને જે જાણે છે તે સારા કામને શીઘ્ર અને અતિશીઘ્ર કરવામાં પ્રમાદ કેવી રીતે કરી શકે? તે તો પોતાના બધાં જ જીવનને વર્તમાનની ક્ષણે—ક્ષણને પ્રભુની પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં મન મૂકી લગાવી દેશે ને તમારી અખંડ આરાધનામાં લાગી જશે. તેમને પ્રાપ્ત કર્યા વિના તેને ચેન નહીં વળે. સમયના મૂલ્યને સારી પેઠે સમજી લઈ, વહેલામાં વહેલી તકે તમને મેળવવા તે તલપાપડ બનશે ને બીજા બધાં જ કામને ગૌણ માનીને તમારી કૃપા—પ્રાપ્તિના મુખ્ય કામને કરવા કમર કસશે. આજે....આજે ને અત્યારે તમને મેળવી લેવાની તેને લગની લાગશે ને તે માટે જરા પણ હતાશ થયા વિના વારંવાર, પ્રયાસ કર્યા કરશે. તમારી પ્રાપ્તિના કામને જે મુલતવી રાખ્યા કરે છે તે સમયના મહત્ત્વને સમજતા નથી. અથવા તો તમારા પ્રેમના પરમરસને પ્રાપ્ત કરી શક્યા નથી. નહીં તો ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા સંસારમાં તે દીર્ઘસૂત્રી બનીને ભાગ્યે જ બેસી રહેત.

તમારી કૃપાની પ્રાપ્તિનું કામ સહેલું નથી. એવરેસ્ટને સર કરવા માટે કેટલા અગણિત પ્રયાસ થઈ ચૂક્યા? એવરેસ્ટના કપરા અને અશક્ય કહેવાતા કામમાં મરજીવા જેવા માણસો

મોતને હાથમાં લઈને એક નહીં પણ અનેકવાર નીકળી પડ્યા, નવા નવા ઉત્સાહ, વિશ્વાસ ને સાહસની ભાવનાનું ભાથું ભરીને વીર માણસો નીકળી પડ્યા. તેમાંના કેટલાંય રસ્તામાં જ રામશરણ થઇ ગયા તો કેટલાક—પ્રતિકૂળ વાતાવરણ ને લીધે થોડે સુધી જઈને જ પાછા ફર્યા તો કેટલાક તૂટી પડતા બરફના પર્વતો સાથે તણાય જઇ, ઊંડી હિમગર્તામાં સરકી, સમાઇને અદશ્ય પણ થઇ ગયા. પણ તેથી શું? માનવની મહત્ત્વકાંક્ષાએ આખરે અજેય કહેવાતા એવરેસ્ટને પણ સર કરી લીધો. સાચું છે કે તમારી પ્રાપ્તિનું કામ એવરેસ્ટને સર કરવાના કામ કરતાં વધારે કપરું, કીંમતી, કૃતાર્થ કરનારું ને કષ્ટથી ભરેલું છે, પરંતુ તમારી કૃપા હોય તો માણસ તેમાં પણ સફળ થઈ શકે છે. એવરેસ્ટને સર કરવા માટે માણસને કેટકેટલીવાર પ્રયાસ કરવો પડ્યો? તમારા હૃદયને પીગળાવવા ને સાધનાનું અંતિમ એવું એવરેસ્ટ શિખર સર કરવા, તે જ પ્રમાણે જો વારંવાર પ્રયાસ કરવો પડે તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? હતાશા થવાનું કારણ પણ ક્યાં છે?

## કુશળ કોણ?

કેટલાક કહે છે કે જે ધનવાન છે તે કુશળ છે, તો કેટલાક કહે છે કે સાચા કુશળ કે સલામત તો તે છે જે યશસ્વી છે. કોઇ વિદ્વાનને કુશળ કહે છે, તો કોઇ વ્યવહારમાં ચતુર હોય તેને પરંતુ ક્ષણે ક્ષણ પલટાતા સંસારચક્રમાં પૂરેપૂરું કુશળ કોણ છે? સુખ ને દુઃખ, રાગ ને દ્વેષ તથા આધિ વ્યાધિ ને મૃત્યુ સૌની કુશળતાનો ભંગ કરે છે. સાચા અર્થમાં કુશળતા તો તે જ છે જે મનને નિર્મળ બનાવી ને વિતરાગ કરીને તમારી સાથે પ્રેમના દોરે બંધાઇ જાય છે. ને તમારા પ્રાણની સાથે જેનો પ્રાણ સંધાઇ



જાય છે. તમારી કૃપાની મૂર્તિ બનીને જે જીવે છે ને તમારી પ્રાપ્તિ કરી જેણે પરમશાંતિ ને પરમામૃતની પ્રાપ્તિ કરી છે તે જ ખરેખર નિર્ભય છે, નિશ્ચિંત છે ને સંપૂર્ણપણે સલામત પણ તે જ છે. તમારી સાથે જેનો સંબંધ નથી તેવો કોઇયે જીવ જગતમાં કુશળ કે સલામત નથી.

## સંતપુરુષનો સમય ઘણો કીંમતી છે.

કેટલાક માણસો સંતપુરુષોના દર્શને જાય છે પણ કોઇ ખાસ હેતુ વિના. કેટલાક કેવળ દર્શન માટે જાય છે, કેટલાક કોઇ શંકાનું સમાધાન કરવા, તો કોઇ પ્રશ્નાદિ પૂછવા. માણસ કોઇપણ હેતુથી પ્રેરાઇને સંતપુરુષના દર્શન માટે જાય, પરંતુ તે હેતુની પૂર્તિ તરફ તેનું ધ્યાન રહેવું જોઇએ ને તેની પૂર્તિ વહેલામાં વહેલી તકે કરી લઇને સંતની પાસેથી વિદાય લેવા તેણે સદાયે તૈયાર રહેવું જોઇએ. સંતપુરુષનો સમય ઘણો કીંમતી છે એમ સમજીને કોઇયે પ્રકારના જરૂરી હેતુ વિના જરૂરથી વધારે વખત તેમની પાસે રહેવાની વૃત્તિનો ત્યાગ કરવો જોઇએ. પરંતુ ખેદની વાત છે કે વધારે ભાગના માણસો એ વાતને વારંવાર વિસરી જાય છે ને સંતોની પાસે કલાકો લગી ગિરદી કરીને બેસી રહે છે. કેટલાક માણસો તો સંતસમાગમનો મહિમા ભૂલીને સંતની પાસે જઇને વિના પૂછ્યે પોતાની વ્યાવહારિક વાતો કરવા માંડી જાય છે. અને અંદર અંદર વાતોની શરૂઆત કરે છે. ત્યારે વાતાવરણ ઘણું બેહૂદું લાગે છે. સંતદર્શનની વૈજ્ઞાનિક રીત શીખવાથી પોતાનો ને સંતપુરુષનો ઘણો કીંમતી સમય બચાવી શકાશે એમાં સંદેહ નથી.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

પૂરેપૂરો હેતુ સિદ્ધ ના થઈ શકે તોપણ થોડુંક કામ તો થઈ જ શકે. તમારા સંતપ્ત અંતરને શાંતિસંદેશ આપવા જ મને મોકલવામાં આવ્યો છે.'

'એ શાંતિસંદેશ તો અમને ક્યારનોય મળી ચૂક્યો છે.' રાધાએ જણાવ્યું : 'એ સંદેશ બીજા કોઈએ નહી પણ કૃષ્ણે જ આપ્યો છે.'

'ક્યારે?'

'એ અહીં હતો ત્યારે. એણે બંસીના સુમધુર સ્વર દ્વારા ને જીવન દ્વારા શીખવ્યું છે કે સાચી શાંતિ વિશુદ્ધ સ્નેહમાં અને આત્માની ઉચ્ચ એક્તાના અનુભવમાં છે. રહી સંતપ્ત અંતરની વાત. તો તે સંબંધમાં તો કહેવાનું કે અમારાં અંતર સંતપ્ત જ રહેવાનાં છે. જ્યાં સુધી અમારા મનને મુગ્ધ કરનાર ને પ્રાણને પ્રેમદોર બાંધનાર કૃષ્ણનો સદાનો સહવાસ ના સાંપડે ત્યાં સુધી એ સંપૂર્ણ શાંત નથી થઈ શકવાનાં.'

'કૃષ્ણે એને જ અનુલક્ષીને કહેવડાવ્યું છે કે રાધાને કહેજે કે એ પરમાત્મભાવમાં પ્રતિષ્ઠિત બનીને મને સદાકાળ ને સર્વત્ર પોતાની પાસે જ માને ને બધે વ્યાપક જુએ. એમ કરવાથી વેદના ઓછી થશે જ, ચિંતા ટળી જશે ને દુઃખ નહીં થાય. શરીરથી પાસે રહેવાય કે ના રહેવાય, આત્મા તો સદા સાથે જ છે. એ આત્મા તારો ત્યાગ કદાપિ નથી કરી શકે તેમ. તે તું જાણે જ છે. વળી એ પણ જાણે છે કે આંખ અત્યારે એકમેકને જોતી નથી તોપણ ક્ષણેક્ષણ સાંભળે છે; વાણી બોલતી નથી છતાં બોલે છે ને



કેટલાંય પ્રશ્નોત્તરો ક્ર્યા કરે છે; મન સંસર્ગસુખને નથી અનુભવતું તોપણ અનુભવ્યા કરે છે. સ્નેહ એવી રીતે સનાતન છે સનાતન રહેવા જ સર્જાયેલો છે.'

રાધાએ કહ્યું:

'એ તો હું પણ જાણું છું ને સુપ્રિયા પણ સમજે છે. પરંતુ કેવળ સમજવાથી ક્ષુધાનું શમન થાય છે ખરું? પ્રાણમાં તલસાટ છે, આંખમાં આતુરતા અને અંગાંગમાં અગ્નિજવાળા છે. એની શાંતિ કેવળ સંદેશ સાંભળવાથી નહિ થાય. કૃષ્ણને કહેજો કે રાધા સ્નેહના શાશ્વત સંદેશને સમજે છે પરંતુ સંદેશ કેવળ સંદેશ જ ના રહી જાય એનું ધ્યાન રાખજે. મને શરીરની એટલી બધી મમતા નથી. સ્થૂળ સંગની લાલસા નથી. છતાં જીવનભર તારી પ્રતીક્ષા કરીશ. તારા ચરણે પૂજા ધરીશ. તારી આરાધનામાં ઓતપ્રોત બનીશ. જ્યાં સુધી ફરીવાર મળવાનું નહિ થાય ત્યાં સુધી...હિંમત નહિ હારું. ધીરજ નહિ ત્યાગું. તારા જ સ્મરણમનનમાં મારો સમય પસાર કરીશ. કદાચ એવી રીતે સમસ્ત જીવન પૂરું થશે તોપણ શું? બીજા જીવનમાં તો એ મળશે ને?'

'બીજા જીવનમાં શા માટે? આ જ જીવનમાં મળશે. અરે, સ્નેહના સૂક્ષ્મ સ્વરૂપે તો મળેલો જ છે ને?'

રાધા ગદ્‌ગદ બની ગઈ.

ઉદ્ધવનાં નેત્રો પણ ભીનાં થયાં.

એનું અંતર આદરભાવથી ભરાઈ ગયું.

એણે કહ્યું :

'રાધા, મેં તારા પવિત્ર સ્વાભાવિક સ્નેહસંબંધી કૃષ્ણ પાસેથી ઘણું ઘણું સાંભળેલું. આજે એ સઘળું સાચું ઠર્યું, ને થયું કે કૃષ્ણે

તને વર્ણવેલી તેના કરતાં તો તું કેટલીય વધારે મહાન છે. તારો પ્રેમ કેટલોય વધારે પ્રબળ ને પવિત્ર છે. મારાં લોચન તારાં દર્શનથી ધન્ય થયાં. મારા શ્રવણ તને સાંભળીને સફળ થયા. જીવન કૃતાર્થ થયું. આ ધન્ય પળોને કદી પણ નહીં ભૂલી શકું. એ પળો અને એમની સ્મૃતિ જીવનમાં શાશ્વત બનીને ટકી રહેશે. હું અત્યાર સુધી સમજતો'તો કે વૃંદાવન ને ગોકુલનું મુખ્ય પ્રેરક બળ કૃષ્ણ છે, પરંતુ હવે મને સમજાયું કે કૃષ્ણનું પ્રેરક બળ રાધા હોવાથી વૃંદાવન ને ગોકુળનું મુખ્ય બળ રાધા છે. તારે કૃષ્ણને કાંઈ વિશેષ કહેવું છે?'

'જે કહેવાનું હતું તે મેં ક્યારનુંય કહી દીધું છે. એના ઉપસંહારરૂપે કૃષ્ણને કહેજો કે રાધાએ તને સર્વસમર્પણ કર્યું છેઃ એ તારી જ છે ને તારી જ રહેવાની છે. કૃષ્ણનું પ્રેરક બળ હું છું કે નહીં તેની મને ખબર નથી, પણ મારું પ્રેરક બળ તો એ છે જ. એ જ વ્રજમંડળનું મુખ્ય બળ છે. એનું સ્થાન બીજું કોઈ જ નથી લઈ શકે તેમ. એના વિના વૃંદાવન ને ગોકુળ નીરસ છે. એનું અણુએ અણુ એને ઝંખે છે, એના વિયોગની વ્યથાનો અનુભવ કરે છે.'

ઉદ્ધવે કાંઈક વિચારીને પૂછ્યું :

'ધાર કે કૃષ્ણ વૃંદાવનમાં પાછા ના આવે તો તું સુપ્રિયા સાથે એને મળવા મથુરા આવીશ ખરી? મારું તને અત્યંત ભાવભીનું હાર્દિક આમંત્રણ છે. મને ખાતરી છે કે કૃષ્ણ પણ એથી પ્રસન્ન થશે.'

'એનો વિચાર મેં નથી કર્યો.' રાધાએ ઉત્તર આપ્યો; 'આગળ પર કરી જોઈશ. પણ કૃષ્ણ વૃંદાવનમાં પાછો ના આવે એવું બને જ કેમ? મારો સ્નેહ સાચો હશે તો એ આવશે જ.'



રાધાની આંખ ટપકવા માંડી.

'આ તો એક શક્યતા કહી બતાવું છું. કેટલીકવાર સ્નેહ સાચો હોય તોપણ મળવાનું નથી બનતું.'

'મને તો લાગે છે કે કૃષ્ણ મને મળશે જ. અને ના મળે તોપણ શું?'

'શું તે હું સમજી શકું છું. એ સ્થિતિ ખૂબ જ કરુણ હશે. ધાર્યા કરતાં પણ વધારે કરુણ. એ તને મળે તેનું હું ધ્યાન રાખીશ. એ મારું પવિત્ર કર્તવ્ય બની રહેશે.'

સુપ્રિયા બોલીઃ

'અમે કૃષ્ણને મળવા આવીએ એના કરતાં કૃષ્ણ અમને મળવા આવે એ વધારે સારું. અમે તો એના વિરહથી વ્યથિત છીએ જ પરંતુ સાથે સાથે વૃંદાવનની સમસ્ત ભૂમિ, જડ અને ચેતનાત્મક સૃષ્ટિ, પણ વ્યથિત છે. એના શુભાગમનથી સૌને શાંતિ સાંપડશે, આનંદ થશે, ને જીવન મળશે. વૃંદાવનમાં અત્યારે જે તાજગી, તરવરાટ, ચેતના તથા શોભા લાગે છે તે એને જ આભારી છે. એના આગમનથી એમાં અનેકગણી અભિવૃદ્ધિ થશે.'

ઉદ્ધવને માટે એ દિવસ ચિરસ્મરણીય બની ગયો.

એણે મથુરાની દિશામાં રથ ચલાવવાની તૈયારી કરી ત્યારે રાધાએ કહ્યું :

'જરાસંધના સંભવિત આક્રમણમાંથી એ પ્રજાનું રક્ષણ કરવામાં સંપૂર્ણ સફળ થશે જ એવી મને શ્રદ્ધા છે; અને એવી જ રીતે પોતાના વિરહના અનવરત આક્રમણમાંથી એ અમારી રક્ષા કરશે રક્ષા કરવાનું કર્તવ્ય ધ્યાનમાં રાખશે એવી આશા રાખું છું.'

(ક્રમશઃ)